
# અધ્યાત્મ



વર્ષ : ૧૧ એપ્રિલ -૧૯૯૦ અંક : ૭


### * પ્રકાશનનો ખર્ચ *

'અધ્યાત્મ' માસિકના એપ્રિલ, '૯૦ના પ્રકાશનનો સઘળો ખર્ચ શ્રી યોગેશ્વર ધ્યાનકેન્દ્ર, ટોરેન્ટો તરફથી આપવામાં આવ્યો છે. અધ્યાત્મને આ ઘણી મોટી સહાય કહેવાય. આ ધ્યાનકેન્દ્રે અગાઉ સને ૧૯૮૮ ના ઓગસ્ટ માસના પ્રકાશનનો સઘળો ખર્ચ પણ આપેલો. વળી મોટા ભાગના ધ્યાનકેન્દ્રના સભ્યો અધ્યાત્મના આજીવન સભ્યો પણ બન્યા છે. તેઓ સર્વે સભ્યો એ માટે અભિનંદનના અધિકારી છે.

### * આ અંક વિષે *

'અધ્યાત્મ'ના એપ્રિલ, '૯૦ ના અંકમાં મોટા ભાગે કેનેડા, ને અમેરિકા પનામામાં વસતા સાધક ભાઈબહેનોના લેખો છે, તેઓના જીવનમાં પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી તેમજ પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીના પરિચયે કેવી ક્રાન્તિ આણી છે, તેમજ તેઓના જીવનની મુશ્કેલીઓમાં કેવી ગેબી સહાય પહોંચાડી. તેઓને શારીરિક દુઃખ કે માનસિક પરિતાપોમાંથી કેવાં ઉગારી લીધાં છે, તેવા વ્યક્તિગત પ્રસંગોનું આલેખન છે. આ બધા પ્રસંગો મારા તમારાની શ્રદ્ધાને પણ પુષ્ટ કરનારા હોવાથી અત્રે આપ્યા છે. વાંચકોને તે ગમશે. ત્યાંથી આવેલ બધા જ લેખોનો સમાવેશ આ એક જ અંકમાં શક્ય બની શક્યો નથી. બાકી રહેલ લેખો ભવિષ્યના અંકોમાં યથાવકાશ લેશું. તેની નોંધ લેવા વિનંતી છે.

—તંત્રી



પૂ. શ્રી યોગેશ્વરજી

# ક્યાંથી મળે?

તન હરિને ધર્યું, મન ગુરુને વર્યું,
બાકી હતું જે મારું, હરિ હાટે વેચાયું બધું.
હરિ હાટેથી હેત ધરી ચાલ્યા હવે,
વ્હાલે વાટમાં એકરૂપ કીધી મને,
હવે યોગેશ્વર રૂપમાં સમાવે ખરે.....તન હરિને.
સર્વેશ્વરી યોગેશ્વરમાં રમે,
સદ્‌ગુરુ સર્વેશ્વરીમાં ફરે,
હવે શોધો અલગ તો ક્યાંથી મળે?
તન હરિને ધર્યું, મન ગુરુને વર્યું,
બાકી હતું જે મારું, હરિ હાટે વેચાયું બધું.

—મા સર્વેશ્વરી

# અધ્યાત્મ


આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
છૂટક નકલ ૨–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૧૫-૦૦
વિદેશમાં રૂ. ૧૨૫-૦૦ (વિમાનથી)

- **સંસ્થાપક** પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી-સંપાદક** શ્રી નારાયણ હ. જાની.
- **સહસંપાદકો** શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી ભાઈલાલભાઈ છાટબાર, શ્રી મણિભાઈ સી. શાહ.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદાર નગર, ભાવનગર-૧
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** નારાયણ હ. જાની. ફોન ૨૫૮૧૧
- **મુદ્રણસ્થાન** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, બોરડીગેટ, ભાવનગર–૧


## લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

## 'અધ્યાત્મ' અંગે સૂચનો

- **ગ્રાહકોને** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૦મી એ અંક રવાના કરવામાં આવશે.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા શ્રી સર્વેશ્વરી | ૩ |
| શ્રી યોગેશ્વર ધ્યાનકેન્દ્ર ટોરેન્ટો (કેનેડા) | - | ૯ |
| સંસ્કૃતિનું સંદેશવાહક અધ્યાત્મ | શ્રી સુરેશભાઈ શાહ | ૧૩ |
| ઓચિંતુ આગમન | સુરેશભાઈ શાહ | ૧૭ |
| છઠ્ઠી પુણ્યતિથિની ઉજવણી | તંત્રી | ૧૯ |
| મંજુસરના મહાત્મા—શ્રી સદ્ગુરુ ગિરજાશંકર મહારાજ | અજિત પાઠક | ૨૧ |
| દર્શન | દામિની શાહ | ૩૧ |
| પૂ. માના જન્મદિનની ઉજવણી | સુરેશભાઈ શાહ | ૩૩ |
| સદ્ભાવભરી સહાય | -- | ૪૦ |
| પ્રાર્થના પહોંચે છે | ગીતા લાડ | ૪૩ |
| કોણે જગાડ્યો? | શ્રી જયંતિ પટેલ | ૪૬ |
| યાત્રા ફળી | શ્રી પ્રભુદાસ પ્રજાપતિ | ૫૦ |
| પનામાવાસીઓનો પ્રતિભાવ | સહયાત્રી | ૫૩ |
| સાચા સંતનો સંસ્પર્શ | ગુલાબબેન ભક્ત | ૫૬ |
| પૂ. માના મંગલ અંકે | શ્રી ગુલાબબેન ભક્ત | ૫૯ |





# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો

—મા સર્વેશ્વરી

વર્ષ : ૧૧ એપ્રિલ –૧૯૯૦ અંક : ૭


## શ્રી યોગેશ્વર કથામૃત

મા શ્રી સર્વેશ્વરી

વિ. સં. ૨૦૩૬ ભાદરવા વદ અમાસ ને ગુરુવાર.
તારીખ ૯/૧૦/૧૯૮૦. સ્થળ : સરદારનગર, ભાવનગર.

આજે ગુરુવાર. દરરોજની જેમ પૂ. શ્રી આજે પણ માતાજીનું સ્મરણ કરતાં જ ઊઠ્યા. નિત્યકર્મ કરી લીધું. રોજના નિયમની માળા આજે મળસ્કે ૩-૦૦ થી ૫-૦૦ સુધીમાં પૂરી કરી હતી.

આજથી ભજનો ને તેની નોંધ માટે સૂચના આપી. આજે મુંબઈ ને બાજીપુરા તાર કરવામાં આવ્યા. તે સૌ ભક્તોને પૂ. શ્રીને મળવા આવવું છે. જેથી તેમને જાણ કરી.

સાડા અગિયારે જગદીશને મંત્ર પ્રદાન કર્યો. મંત્રદીક્ષામાં જગદીશે ધરેલી રૂ. ૨૫ ની ભેટમાં પૂ. શ્રીએ રૂ. ૧ સ્વીકારી

રૂા. ૨૪ પાછા આપ્યા.

એતો એમનો સ્વભાવ છે કે જરૂર કરતાં વધારે કોઇપણ વસ્તુ-પછી તે ધન હોય, વસ્ત્ર હોય, તો સ્વીકારતા જ નથી. એટલે આદર્શની દૃષ્ટિએ એ સર્વોત્તમ વ્યવહાર હતો. વરસો પૂર્વે દક્ષિણની યાત્રામાં દીક્ષા આપતી વખતે સર્વેશ્વરીએ ધરેલી ૫૦૧ રૂા.ની ભેટ પણ પૂ.શ્રીએ પાછી આપી દીધી હતી. ખૂબ આગ્રહ કર્યો ત્યારે માંડ ૧ રૂપિયો લીધો હતો. એ પ્રસંગ તો હજી એવો જ નજર સમક્ષ રમ્યા કરે છે.

આજે શ્રી બકુભાઇ શેઠ આવ્યા છે. તેમને ત્યાં રાજદ્વારી નેતાઓ ઉતરે છે. એના અનુસંધાનમાં તેઓ કહે છે કે રાજદ્વારી નેતાઓ થોડા સંતમહાત્મા જેવા છે! એમનાં (રાજદ્વારીઓનાં) તો પગલાં પડે તો પણ શું, ને ન પડે તો પણ શું?

આજે ભોજનમાં પૂ. શ્રી અને સર્વેશ્વરીએ ફક્ત એક શાક જ લીધું.

ભોજનબાદ માતાજીની સ્મશાન યાત્રાના ફોટાઓ આવ્યા હતા, તે જોયા.

ફોટા જોયાબાદ નારાયણભાઇના મોટા દીકરા રાજેન્દ્રભાઇની બદલી થઇ હોવાથી તેની સાથે સમૂહમાં ફોટા લીધા.

ફોટોગ્રાફર શ્રી ભુપેન્દ્રભાઇ ખૂબ ભાવિક છે. ફોટાની સેવા કરે છે. કંઇક રકમ લેવાની પૂ. શ્રી વિનંતી કરે છે, તો તેઓ ફક્ત આશીર્વાદ જ માંગે છે.



આખરે એક પારકરની બોલપેન પૂ. શ્રી ભેટ આપે છે. તે ભાઇ નવરાત્રિમાં ગાયત્રીમંત્રનું અનુષ્ઠાન કરવા માટે પૂ. શ્રીના આશીર્વાદની માંગણી કરે છે. તેમને પ્રભુ આશીર્વાદ આપે છે.

વળી આગળ વધીને તે ભાઇ વિનંતી કરે છે કે પ્રભુ આપ મારા માથે હાથ મૂકો. પૂ. શ્રી કહે છે, "હજી વાર છે."

એ વાત પરથી સર્વેશ્વરી કહે છે કે "મારા ખભા ઉપર હાથ મૂકાવવા સાત વરસ લાગ્યાં હતાં." આ શબ્દો સાંભળતાં પૂ. શ્રી વિગતવાર વાત કઢાવે છે. સર્વેશ્વરી દક્ષિણયાત્રાનો આલંદીનો પ્રસંગ, પૂ. શ્રીની સૂરતના ઘરમાં (સર્વેશ્વરી તીર્થમાં) પધરામણીના પ્રસંગનું વર્ણન કરે છે. સૌ વિદાય થાય છે. પૂ. શ્રી એક બે પત્રો લખાવે છે.

બપોરે આરામ કરતાં કરતાં પૂ. શ્રી કહે છે, "માતાજીની માંદગી દરમ્યાન દરરોજ માતાજીનાં શરીર ઉપર એવી ભાવના સાથે હાથ ફેરવતો કે એ જીવમાંથી રાગદ્વેષ, મમતા-આસક્તિ બધું નીકળી જાય. જો કે એ બધાંમાંથી મુક્ત કરવા પ્રાર્થના પણ ઘણી કરી, ઉપવાસો પણ ઘણા કર્યા ને એ પ્રાર્થના ફળી. મારી ભાવના પ્રમાણે એઓ અંતકાળે રાગદ્વેષથી સંપૂર્ણ મુક્ત બન્યાં. એ પ્રભુની કૃપા."

બપોરે આશ્વાસનયુક્ત મળેલી ટપાલો પૂ. શ્રી જુએ છે. ફરીથી માતાજીના અંતિમ ફોટાઓ જુએ છે. ક્રમ પ્રમાણે ગોઠવી આપે છે. પછી આરામ કરે છે.

સાંજે પાંચ વાગ્યે નિયમ પ્રમાણે માળા હાથમાં રાખી જપ કરે છે. પછી થોડો આરામ કરે છે. સાંજે પાંચ વાગ્યે

નિયમ પ્રમાણે માળા હાથમાં રાખી જપ કરે છે. વળી થોડો આરામ કરે છે. ટપાલ જુએ છે.

સાંજે છ વાગ્યે પૂ. શ્રી બહાર આંટા મારે છે. ડો. ભટ્ટ ને ડો. ઠક્કર પણ આવે છે. તેમની સાથે વાતચીત કરે છે. સાડા છ વાગ્યે ગીતાપાઠ શરૂ થાય છે.

આજે ગીતાપાઠમાં ૧૨ મો ને ૧૫ મો અધ્યાય સંસ્કૃતમાં ને સરળગીતાનો અધ્યાય થયો. ત્યારબાદ રામકૃષ્ણદેવની સ્તુતિ ને 'મોઘું જીવન ચાલે છે' ભજન ગવડાવ્યા બાદ ધૂન બોલાવી. શાંતિપાઠ બાદ શ્રી રાજેશભાઈ કાપડીયાએ પોતાના અનુભવમાં પૂ. માતાજીની વાતો કરી.

આજે સત્સંગ જરા જલ્દી પૂરો થયો. હજી પૂ. શ્રી બહાર મેદાનમાં મૂકેલા સોફા ઉપર બેઠા બેઠા શ્રી રાજેશભાઈ, શ્રી મણિભાઈ, શ્રી પરશુરામ રાવલ, શ્રી નટુભાઈ મહેતા, વગેરે સાથે વાતો કરે છે. તે દરમ્યાન સર્વેશ્વરી આજની ડાયરીની નોંધ પૂર્ણ કરે છે.

**વિ. સં. ૨૦૩૬, આસો સુદ પડવો ને શુક્રવાર**
**તા. ૧૦/૧૦/૮૦, સ્થળ : ભાવનગર.**

આજકાલ શાંતિથી નિત્યકર્મ થાય છે. નવ વાગે દૂધ લેવામાં આવે છે. દરરોજની જેમ પૂ. શ્રી મૌન રાખીને જ રૂમમાં માળા કરે છે.

નવરાત્રિ શી રીતે કરવી ને એમાં પોતે ક્યો વિશેષ નિયમ લેવો તે અંગે પૂ. શ્રી દ્વારા પરમશક્તિને પૂછવામાં આવે છે.



પરમશક્તિ સર્વેશ્વરીને નવરાત્રિની જરૂર નથી એમ જણાવતાં કહે છે, "માતાજીની સેવામાં જ બધા જપતપ પૂર્ણ થયા છે. છતાં લોક કલ્યાણાર્થે કરવું હોય તો રામાયણનું પારાયણ ૧૫ દિવસનું કરે-વગેરે."

"જેવી આજ્ઞા પરમ શક્તિની." એ મુજબ એક વિશ્રામ સુધી રામાયણ પાઠ કર્યો. દરરોજની વીસ માળા ૐ રામાય નમઃ ની પણ કરવા ધારું છું.

ભોજનબાદ ટપાલ જોવામાં આવી રહી હતી ત્યાંજ અમદાવાદથી માતાજીનાં દોહીત્રી ને જમાઈ આવી ગયાં જેથી તેમની સાથે સવાચાર સુધી બેઠા. પૂ. માતાજીનું મૃત્યુ મંગલમય બન્યું એના અનુસંધાનમાં માંદગીમાંની સેવાની બધી વાતો થઈ. સવાચાર પછી થોડો આરામ કર્યો. આરામના એ સમયમાં આજે મેં પાઠ કર્યો પછી આવનાર મહેમાનો સાથે થોડું બેઠી. પૂ. શ્રીની વાતો, પૂ. માતાજીની વાતો થઈ.

સાંજે છ વાગે પૂ. શ્રી બહાર મેદાનમાં આંટા મારવા જાય છે પણ ભાવિકો ઘણા જલ્દી આવી જતાં તે સૌ સાથે ઊભા રહીને વાતો કરે છે.

અમદાવાદથી આવનાર મહેમાન વિદાય થાય છે. સત્સંગ શરૂ થાય છે.

ગીતાપાઠ, સ્તુતિ, "હરિને ભજતાં હજી કોઈની લાજ જાતાં નથી જાણી રે" એ ભજન ને ધૂન પૂર્ણ થતાં પૂ. શ્રી આજે રમણમહર્ષિનાં માતા અલઘમ્માની વાતો કરે છે. સાથે સંતોની સંન્નિધિ નકામી જતી નથી એમ કહી માતાજી પોતાની પાસે રહેવા આવ્યાં ત્યારથી તેમનો પોતે કેવો વિકાસ

કર્યો ને અંતિમ અવસ્થા નિર્મમ, અનાસક્ત બનાવવામાં પોતે કેવા સફળ થયા તેની વાતો કરી. પૂ. માતાજીનાં બાની અંતિમ અવસ્થા કેવી નિર્વૈર હતી તે વાતો કરી, સર્વેશ્વરીની નીડરતા, યોગ્યતાની પણ વાતો કરી.

આજે એક કલાક ઘણી ઘણી વાતો થઈ.

નાસ્તો લેવા બહાર બેઠા પણ ગરમ મસાલાવાળું દૂધ ને એક કેળું જ લીધું. નાસ્તાબાદ બહાર ખુલ્લામાં પૂ. શ્રી પાટ ઉપર બેઠા. સર્વેશ્વરી એ જ પાટ ઉપર બેસવાની રજા માંગે છે તો પૂ. શ્રી કહે, "બેસો, ભલે બેસો."

આ વાત સર્વેશ્વરીએ શ્રી નારાયણભાઈ આવ્યા તેમને કહી. તો પૂ. શ્રી કહે, "હા, ભગવાન તો પાર્વતીને ખોળામાં બેસાડે છે. તો આ તો પાટ ઉપર પાસે બેસવાનું છે, એમાં શું? એજ પાર્વતી એક જન્મે સીતા, એક વખતે મા રુક્મણિ હતાં વગેરે."

સર્વેશ્વરી કહે, "મહાત્માજી, ભગવાન એમ બેસે તે ભગવાનને શરમ નહીં આવે? સમાજની દૃષ્ટિએ પણ શું એ યોગ્ય લેખાય?" પૂ. શ્રી કહે, "જુઓ ભગવાનને મંદિરમાં કોણે બેસાડ્યા? આપણે જ. તો ભગવાન એતો ઘરમાં એમ બેસે, પણ આપણે એમને એ રીતે મંદિરમાં બેસાડ્યા. ભગવાનને આપણા નિયમો લાગુ પડતા નથી. ભગવાન એ ભગવાન છે. પાર્વતીને ભગવાને ખોળામાં બેસાડ્યાં તે જોનાર કોઈ ન હતા."

શ્રી નારાયણભાઈ:-"આજકાલ હું ચંડીપાઠ વાંચુ છું. તો એમાં બધા રાક્ષસોના નાશની જ કથા આવે છે. તો તેનો કોઈ



આધ્યાત્મિક અર્થ ખરો? એ રૂપક કથા કે સાચી ઘટના છે?"

પૂ. શ્રી:-સાચી ઘટના છે, બનેલી હકીકતો છે આપણે ચંડીપાઠમાં તેના પર પ્રકાશ પાડ્યો છે.

આજે રાતે નવ ને ત્રીસ મિનિટ સુધી બહાર બેઠાં.

અંદર આવીને પૂ. શ્રી રાજેશભાઈ કાપડીયાએ લખેલા લેખ ઉપર નજર કરે છે. ડાયરીની નોંધ પૂર્ણ કરવા સર્વેશ્વરીને સૂચના આપે છે.

આજે સાંજે છ વાગે નારાયણભાઈનો મોટો પુત્ર રાજેન્દ્ર જૂનાગઢ જવા વિદાય થતાં પહેલાં વંદન કરવા પૂ. શ્રી પાસે આવે છે. પૂ. શ્રીને વંદન કરી રૂા. ૫૧ ની ભેટ કવરમાં મૂકે છે. પૂ. શ્રી પૂછે છે શું જરૂર છે આ ભેટની? એ કવર સર્વેશ્વરીને આપતાં કહે છે, "ભલે, પહેલીવાર જાય છે માટે એની શુભભાવના છે, તો રાખો."

દરેક વ્યક્તિ ઉપર પૂ. શ્રી પોતાનો સ્વતંત્ર વિચાર ધરાવે છે. દરેકની ભાવના પ્રમાણે પૂ. શ્રી પોતે વર્તન કરે છે. રાતે આરામ કરવામાં આવે છે પૂ. શ્રી કહે છે, "આજકાલ ઘણું મોડું થાય છે. નવ વાગે, બહુ તો સાડા નવ અને મોડામાં મોડું દશ વાગે તો સૂઈ જ જવું જોઈએ."

હે પ્રભુ, રામ, રામ, હે દયાળુ-આ શબ્દો સાથે પૂ. શ્રી આંખો મીંચે છે. હરિ: ૐ

(ક્રમશ:)

# શ્રી યોગેશ્વર ધ્યાનકેન્દ્ર–ટોરેન્ટો (કેનેડા)

**(સાત્ત્વિક સાધકોનું સંગઠન)**

સાચા સંત પુરુષોનું દેશ અગર વિદેશોમાંનું વિચરણ હંમેશાં મંગલકારી હોય છે. પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી પણ કેનેડા શ્રી સુરેશભાઇ શાહને ત્યાં પ્રથમ પૂ. માતાજી જ્યોતિર્મયી ને પછીથી પૂ. મા શ્રી સર્વેશ્વરી સાથે પધાર્યા તે આવું જ મંગલકારી સાબિત થયું છે. એની મંગલમયતાનો ખ્યાલ તો આપણા જેવા સંસારીઓને તે વખતે શી રીતે આવી શકે? એ તો પૂ. મહાત્માજી જેવા કાન્તદર્શી કે આર્ષદૃષ્ટા મહાપુરુષો જ જોઇ કે જાણી શકે.

સને ૧૯૮૧ માં પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી બીજીવાર કેનેડાની યાત્રા ઉપર ગયા. ત્યારે ટોરેન્ટો શહેરમાં વસતાં જે થોડાં ધાર્મિક કુટુમ્બો હતાં, તેઓમાં આધ્યાત્મિક સંસ્કારો ટકી રહે તે માટે ધ્યાનકેન્દ્ર જેવી પ્રવૃત્તિ શરૂ કરવા તેઓએ, સૂચન કર્યું. શ્રી સુરેશભાઇ શાહે તે વધાવી લીધું. શરૂમાં પાંચ પરિવારોથી તેનો પ્રારંભ કર્યો.

હવે આપણે આ ધ્યાન કેન્દ્રની પ્રવૃત્તિઓ જોઇએ. દર મહિનાના છેલ્લા રવિવારે આ પરિવારોનાં બધા જ સભ્યો ક્રમ પ્રમાણે જુદા જુદા સાધકોને ત્યાં ભેગા થતા અને ત્રણ સાડા ત્રણ કલાક માટે સત્સંગ કરતા. તેમાં ધ્યાન, ધૂન, ભજનો, શ્રી યોગેશ્વર બાવની ને સ્તવનમાળા, તેમ જ શાન્તિપાઠ ને આરતી વગેરેનો સમાવેશ થતો.



આજે ૧૯૯૦ માં આ સત્સંગના પરિવારોની સંખ્યા ૧૮ ની થઇ ગઇ છે, જેની વ્યક્તિગત સભ્ય સંખ્યા પણ લગભગ ૧૦૦ જેટલી થવા જાય છે.

આનંદની વાત તો એ છે કે આ બધા પરિવારો એકધારાં છેલ્લાં દસ વર્ષોથી આ સત્સંગની પ્રવૃત્તિમાં જોડાયેલાં રહ્યાં છે. તેઓએ સને ૧૯૮૮ માં પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીને કેનેડાની ધરતી ઉપર આમંત્રી, જાહેર સમારંભ યોજી, તેઓશ્રીને તામપત્ર ઉપર સુંદર સન્માન પત્ર ભેટ ધર્યું. વળી બે દિવસની ધ્યાન સાધના શિબિરનું પણ સફળ આયોજન કર્યું. પૂ. માની ઉપસ્થિતિમાં વિદેશના સાધકો માટે આ નવતર પ્રયોગ હતો. આ કાર્યક્રમોમાં અમને પણ ઉપસ્થિત રહેવાનું સદ્‌ભાગ્ય મળ્યું, એ અમારા માટે મોટા આનંદની વાત છે. આધ્યાત્મિક જીવન જીવવાની ઇચ્છાવાળા સાધકોનું દૈનિક જીવન કેવું જોઇએ; એની તાલીમ આ શિબિરમાં સાધક ભાઇ બહેનોને મળી.

વળી પૂ. મા શ્રી સર્વેશ્વરીનો તા. ૧૩ મી નવેમ્બર ૮૯ નો જન્મદિન તેઓની ઉપસ્થિતિમાં ધામધૂમથી ઉજવ્યો.

સત્સંગના કાર્યક્રમો જે દર મહિનાના ચોથા રવિવારે રાખવામાં આવતા, તેને બદલે હવે તે ત્રણ અઠવાડિયે થાય છે. એમ કરવાથી વર્ષમાં સત્સંગની જે બાર બેઠકો થતી તેને બદલે અઢાર બેઠકોનો લાભ સાધક ભાઇ બહેનોને મળતો થયો છે.

શ્રી ટોરેન્ટો ધ્યાન કેન્દ્ર દર વર્ષે સત્સંગની નક્કી થતી બેઠકો ઉપરાંત ગુરુપૂર્ણિમા, પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરનો જન્મદિન ૧૫ મી ઓગસ્ટ, તેઓશ્રીનો નિર્વાણદિન ૧૮ માર્ચ અને પૂ. મા શ્રી સર્વેશ્વરીનો ૧૩ નવેમ્બરનો જન્મદિન પણ ખાસ કાર્યક્રમો યોજી ઉજવે છે.

સને ૧૯૯૧ માં આ ધ્યાન કેન્દ્ર દસ વર્ષ પૂરાં કરે છે. તેનો દશાબ્દિ મહોત્સવ ૧૯૯૧ માં પૂ. માના સાન્નિધ્યમાં ઉજવવાની અપેક્ષા કેનેડાના ટોરેન્ટો શહેરમાં વસતાં સાધક ભાઈ બહેનો રાખે છે. પ્રભુ એમની આ શુભ કામના પૂર્ણ કરે એવી આશા રાખીએ. આમ છતાં સત્સંગ જેવી સાત્ત્વિક પ્રવૃત્તિઓ માટે આ બધાં પરિવારો નિયમિત સમય ફાળવતાં રહે છે. પરિણામે તેઓનાં જીવન પૂ. મહાત્માજી અને પૂ. માની કૃપાથી પ્રભુ પરાયણ અને વ્યસનમુક્ત રહી શક્યાં છે. એ કેટલા બધા આનંદની વાત છે!

તેઓ સર્વે ખરેખર અભિનંદનના અધિકારી છે. તેઓ ભૌતિક સમૃદ્ધિ સાથે આત્મિક શાન્તિ પણ પામે એજ પ્રભુ પ્રત્યે પ્રાર્થના.

### મનોબળ

જેનું મનોબળ મજબૂત છે, તેની પાસે સર્વ કંઇ છે.

જેનું મનોબળ કમજોર છે, તેની પાસે બીજું બધું હોય તો પણ મહત્ત્વનું કશું જ નથી.

–યોગેશ્વરજી



# સંસ્કૃતિનું સંદેશવાહક અધ્યાત્મ

શ્રી સુરેશભાઈ શાહ (ટોરેન્ટો–કેનેડા)

ભારતીય સંસ્કૃતિના પાયામાં ધર્મ અને ધર્મ પ્રત્યેની પવિત્ર ભાવના રહેલી છે. ભારતમાં વસતા હતા ત્યારે આ બધું બહુ જ સ્વાભાવિક લાગતું હતું, કારણ માતાપિતા તરફથી તથા સમાજમાં ચાલતી વિવિધ ધાર્મિક પ્રવૃત્તિઓથી અને ધાર્મિક તહેવારોની થતી ઉજવણીથી ધર્મ પ્રત્યેની આસ્થા અને ભાવના બંનેને પોષણ મળતું હતું. તદ્ઉપરાંત ધાર્મિક પુસ્તકોનું વાંચન તથા સંતપુરુષોના સત્સંગથી ધર્મ પ્રત્યેની અભિરૂચિને પોષણ મળતું હતું.

વિદેશમાં સામાન્યરીતે સૌ આર્થિક ઉત્કર્ષ તથા ઉચ્ચ સગવડોવાળું જીવન જીવવાની મહત્ત્વકાંક્ષાથી પોતાનાં સ્વજનો, પરિવારના સભ્યો, મિત્રો અને શુભેચ્છકોને છોડીને આવે છે અને પોતાની આર્થિક સ્થિતિ સદ્ધર કરવાના પ્રયત્નોમાં રાત દિવસ પરિશ્રમ કરે છે. પરિણામે પોતાના બાળકોના ધાર્મિક સંસ્કાર સિંચન માટે સમયનો અભાવ વર્તાય છે. પોતાના દેશ અને દુનિયાના સમાચારોથી વાકેફ રહેવા તે દૈનિક પેપરો, રેડિયો તથા ટેલીવિઝનનો ઉપયોગ કરે છે. પણ ધાર્મિક જીવનને અનુલક્ષીને તેમાંથી કાંઇ ભાથુ મળતું નથી. વિદેશમાં ધાર્મિક મેગેઝીનો કે જે સરળ, સ્વચ્છ અને શિષ્ટ ભાષામાં પ્રકાશન પામતાં હોય તેમજ વાંચકોને ધર્મમાં શ્રદ્ધાં ઉપજે તેવું સાહિત્ય આપતાં હોય તેવાં

મેગેઝીનો બહુ જ ઓછાં જોવા મળે છે. અમારી દૃષ્ટિએ સર્વમંગલ ચેરીટિબલ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત થતું માસિક "અધ્યાત્મ" ખરેખર ખૂબજ આવકારદાયક છે. કારણ તેની ભાષા સાદી ને શિષ્ટ છે, જે બાળકો તથા અહીંના ભારતીઓ માટે સમજવામાં ખૂબ જ સરળ છે. વળી તે દરમહિનાની આખરમાં નિયમિત મળે છે. તેનું કદ પણ કંટાળાજનક નથી અને તેનું સાહિત્ય પૂ. શ્રીની સાધનાત્મક જીવનની ઝાંખી કરાવે છે. લવાજમની દૃષ્ટિએ કિંમત જૂજ છે અને તેનાથી મળતી પ્રેરણા અને પૂ. શ્રીનો પરિચય મોટાભાગના સાધકો અને વાંચકોની જીજ્ઞાસાને સંતોષે છે.

પૂ. માની વિવિધ પ્રવૃત્તિઓ તથા પૂ. શ્રી યોગેશ્વરજી અને પૂ. માના જાહેર કાર્યક્રમો જેવા કે પૂ. શ્રીનો પ્રાકટ્યદિન, ગુરુપૂર્ણિમા, પૂ. શ્રીનો જન્મદિવસ, પૂ. માનો જન્મદિવસ, પૂ. માનો સાધનાત્મક જીવનનો કડીબદ્ધ ધબકતો ઈતિહાસ અને ભાઈ શ્રી કલોલાની કલમે લખાતો લેખ "પરમ-સમીપે" સૌને યાત્રાનો આનંદ પણ કરાવે છે. સ્થળ અને તેનો મહિમા પણ જણાવે છે. અમને વિદેશમાં બેઠાં બેઠાં યાત્રાના સહભાગી શબ્દોની ભાષામાં કરાવે છે. તંત્રીશ્રીની કલમથી પીરસાતી પૂ. શ્રી સાથેની અનુભૂતિ-ઓની વાતો પણ જાણવા મળે છે.

પૂ. મા જ્યારે વિદેશમાં હોય છે ત્યારે પૂ. માનું સ્વાસ્થ્ય જાણવા તથા પૂ. મા સાથે બે શબ્દોની વાત કરવા તથા પૂ. માના કાર્યક્રમથી વાકેફ રહેવાની ઈચ્છાથી ઘણા પત્રો, ટેલીફોન તેમજ ટેલીગ્રામો આવે છે. સૌ ભક્તોની લાગણીને સંતોષવાનું



કેવળ માધ્યમ "અધ્યાત્મ" માસિક જ છે જેથી સૌને પૂ. માના સ્વાસ્થ્ય તથા પ્રવૃત્તિઓનો ખ્યાલ આવી શકે.

કોઈપણ પ્રકારના વળતરની અપેક્ષાવિના તંત્રીશ્રી જે રીતે અધ્યાત્મનું સંચાલન કરે છે તે ખરેખર પ્રશંસનીય અને આપણા સૌ માટે ખૂબ ગૌરવ લેવા જેવી વાત છે તેમ જ અનુકરણીય પણ છે. ગુજરાતી ભાષામાં સરસ કહેવત છે કે "બોલવું સહેલું છે, કરી બતાવવું અને અમલમાં મૂકવું ખૂબ અઘરૂં છે." વધતી જતી મોંઘવારીમાં પણ "અધ્યાત્મ"ની કિંમત ખૂબ જ પોસાય તેવી છે અને તેમાંથી મળતી અધ્યાત્મિકતાની કિંમત અમૂલ્ય છે.

રામાયણની સીરીઝ ટી.વી. ઉપર આવે છે અને તેના દિગ્દર્શક પાત્રો, હકીકત અને દૃશ્યોને પોતાની આગવીરીતે રજૂ કરે છે તે જોઈને આપણને રામાયણ જીવંત થતું લાગે છે. આપણે તેનાં મુક્ત કંઠે વખાણ કરીએ છીએ તો આપણે એ પણ ખૂબ જ ધ્યાન અને નિષ્ઠાથી સમજી લઈએ કે "અધ્યાત્મ"ના માધ્યમ દ્વારા પૂ. શ્રી અને પૂ. માની સાધનાત્મક જીવનની જે વાતોની રજૂઆત કરવામાં આવે છે તે પ્રશંસનીય અને જનહિતાર્થે છે. તેમાં જરાપણ અતિશયોક્તિ નથી કે ખોટી પ્રશંસા પ્રાપ્તિ માટે પણ નથી. પૂ. મા કે જેમનું અવતરણ પૃથ્વી ઉપર પૂ. શ્રી દ્વારા કરાવવામાં આવ્યું છે તે પોતાના જીવનદ્વારા, પ્રભુપ્રાપ્તિ માટે એક સાધકે કેટલા ખંત, ઉત્સાહ, ધીરજ, પવિત્રતા અને તિતિક્ષાથી સાધના કરવી પડે છે તેનું તાદૃશ્ય ઉદાહરણ છે, એ હકીકતને આપણે અવગણી શકીએ નહીં. આપણે જીવતા દેવોને પૂજીશું કે સમજીશું તો જ આપણે તેમને સાચો અર્ઘ્ય આપ્યો ગણાશે.

અમારા જેવા વિદેશમાં વસતા પૂ. શ્રી અને પૂ. માના સાધકો માટે અધ્યાત્મ પૂ. માના જીવનના પ્રતિબિંબ સમાન છે, હકીકતો, અનુભૂતિઓ તે સાહજીકતાથી રજૂ કરતો અંક છે અને તે વધુ સદ્ધર બને અને વાંચકોના વિશાળ લાભાર્થે તેમાં પૂ. માના સાધનાત્મક જીવનની બહુવિધ પ્રવૃત્તિઓ આવરી લેવાય તેવી અમારી તંત્રીશ્રીને નમ્ર વિનંતિ છે. ટૂંકમાં અધ્યાત્મ માસિક વિદેશમાં વસતા અમારા જેવા સાધકો માટે રણમાં ભટકતા મુસાફરો માટે ભોમિયા ને વીરડી સમાન છે. ભારતીય સંસ્કૃતિનું વાહક હોઇ અમોને આધ્યાત્મિક જીવન જીવવાની પ્રેરણા પાતું રહે છે.


વિષયધ્યાન ને સેવને, વ્યાકુલતા દુઃખ થાય;
તેનું ધ્યાનસેવન ત્યજે, પરમાનંદ પમાય. નાથભગવાન્

IS:10001

ઓ. : ૨૫૬૬૮
ફે. : ૮૭૨૨૨
૮૭૬૨૪
ઘ. : ૪૧૪૩૧

ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
-: બનાવનાર :-

કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ
ઢેબર રોડ, રાજકોટ-૩૬૦૦૦૨




# ઓચિંતુ આગમન

સુરેશભાઇ શાહ (ટોરેન્ટો)

પ. પૂ. મા શ્રી સર્વેશ્વરી ભારતથી અમેરિકા કે કેનેડા આવે કે અહીંથી ભારત પાછાં ફરે તો ન્યુજર્સીના શ્રી વિનોદભાઇનું ઘર-તો વચ્ચે આવે જ. વળી પૂ. મા ક્યાં છે, કેમ છે, પરદેશ ક્યારે પધારવાનાં છે, એના સમાચાર તેઓ પાસેથી મળતા રહે. એટલે વિદેશના સહુ સાધકો એમના સંપર્કમાં રહે.

નવરાત્રિ પછી તા. ૮/૧૧/૮૯ ના દિવસ સાંજે અમને અચાનક શ્રી વિનોદભાઇનો ટેલિફોન સંદેશો મળ્યો કે દૈનિક મૌનનો સમય પૂરો થતાં પૂ. મા તમારી સાથે વાત કરશે. એ સાંભળી અમને ખૂબ આનંદ થયો. પૂ. મા જેવાં પવિત્ર સંતના શબ્દોનું શ્રાવણ પણ ક્યાંથી?

તેજ દિવસે કલાક પછી વિનોદભાઇના સાળા શ્રી ભોગભાઇનો ટેલિફોન આવ્યો કે તમારો એક અગત્યનો પત્ર તમને પહોંચાડવાનો છે-ઘરે તો છોને? મને થયું તા. ૧૨ નવે. પૂ. માનો જન્મદિન ઉજવવાનો છે, તેનો કંઇ સંદેશો હશે. જણાવ્યું કે ઘરે જ છીએ.

સાંજના ભોજન પછી ઘરનાં સહુ બેઠાં હતાં ત્યાં દરવાજાની ઘંટડી વાગી. જોયું તો શ્રી ભોગીભાઇ દરવાજામાં ઉભેલા. કહ્યું : "પધારો. તમારી જ વાટ જોતા હતા." તેઓએ કહ્યું, "જરા બહાર આવો. તમારા મહેમાન આવ્યા છે, એમને મળી લો."

અમને થયું શ્રી ભોગીભાઇ સાથે અમારા મહેમાન? આશ્ચર્ય વચ્ચે ખૂદ પૂ. માજ શ્રી કંચનબેન અને સરોજબેન સાથે પધારેલાં. અમારા મુખમાંથી આશ્ચર્યના ઉદ્‌ગાર સરી પડ્યા, "અરે મા, તમે? આમ ઓચિંતાં? કહી અમે તેમનાં ચરણોમાં પ્રણમી રહ્યા. તો વાત્સલ્યમૂર્તિ માએ હસતાં અમારે વાંસે ધબ્બો મારતાં કહ્યું, શારદાબેનને (અમારાં માતાજીને) સુરેશના ઘરે આવવા આમંત્રણ જોઇએ કે? પોતાના દીકરાના ઘરમાં શું માથી ઓચિંતાં ન આવી શકાય?"

અમે પૂ. માની આત્મિયતાભરી એ વાણી સાંભળી ગદ્‌ગદ બની ગયા. એમના વાત્સલ્યભાવે ભીંજાઇ ગયા. અમારી આંખમાંથી હર્ષનાં અશ્રુ સરી પડ્યાં. જીવનમાં ધન્યતા લાગી.

ખૂબ થાકેલા છતાં પૂ. માએ સૌને દર્શન આપ્યાં. સત્સંગ કરાવ્યો. પછી કહ્યું, "અહીં સૌને નોકરી હોય, આટલા બધા ટ્રાફીકમાં એરપોર્ટ આવવાનું, પાર્કીંગના પૈસા ખર્ચવાના ને જતા આવતાની મુશ્કેલીઓ લક્ષમાં લઇ અમને થયું, 'ચાલો આજે છોકરાઓને **Surprise** આપીએ. ઓચિંતા જ સુરેશનું બારણું ખખડાવીએ.' બોલી પૂ. મા મુક્તકંઠે હસી પડ્યાં!"

પૂ. માની આ નિખાલસતા, સરલતા સહુને સ્પર્શી ગઇ. થયું "હે મા, તું ખરેખર અમારી માવડી છે. અમારી આધ્યાત્મિક ઉન્નતિ માટે આટલા ઉપવાસો છતાં કેટલું કષ્ટ ઉઠાવે છે! તારા પ્રેમને ધન્ય છે, તે પામનારાં બાળકોને પણ ધન્ય છે. તારી રીત સહુથી નીરાલી છે." મારાથી ગવાઇ ગયું:-

"હે સર્વેશ્વરી, હે કરૂણેશ્વરી, ચરણે તારા સદા પ્રણામ."



# છઠ્ઠી પુણ્યતિથિની ઉજવણી

તંત્રી

ભારતમાં પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીની છઠ્ઠી પુણ્યતિથિ ૧૮ મી માર્ચ અમદાવાદ ખાતે ઉજવાઇ. સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટે તેનું આયોજન કર્યું. ગુજરાતભરમાંથી ને મુંબઇથી અઢીસો જેટલા સાધક ભાઇબહેનોએ તેમાં ભાગ લીધો. આ નિમિત્તેનો એક દિવસનો શિબિર કાર્યક્રમ મોઢવણિક છાત્રાલયના શ્રી મધુરિકા શાહ હોલમાં રાખવામાં આવ્યો.

શ્રી વિજયભાઇ પંડિત અને એમના પિતાશ્રી જયંતીભાઇ પુરોહિતે પૂ. શ્રીની પ્રતિકૃતિનું પૂજન શ્રી બાબુભાઇ વોરા ને તેમનાં ધર્મપત્ની શ્રી મધુબેનના હાથે કરાવ્યું.

શિબિરનો શુભારંભ જયશ્રીબેનના સુંદર ભજનો ને ધૂનથી થયો. પૂ. શ્રીનું વિડીયો પ્રવચન. પછી તેઓના જીવન વિષે વિવિધ સાધક ભાઇ બહેનોએ વક્તવ્યો રજુ કર્યાં.

નિર્વાણદિન નિમિત્તે સહુને પૂ. શ્રીને પ્રિય એવી ખીચડી, કઢી, શાક ને કચુંબરનું સરસ ભોજન શ્રીમતી હર્ષિદાબેન ત્રિવેદી તરફથી આપવામાં આવ્યું.

બપોર પછીની બેઠકમાં ગીતાપાઠ, ગુરુગાથા, ધ્યાન ને પ્રાસંગિક પ્રવચનો થયાં.

સાધકોએ શ્રી બાબુભાઇ વોરા અને એમના સહકાર્યકરોનો સુંદર વ્યવસ્થા કરવા બદલ આભાર વ્યક્ત કર્યો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી કુમુદચંદ્ર ત્રિવેદીએ સમયબદ્ધ રીતે કર્યું.

* મહાભારતનાં મોતી *

પ. પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજીની સિદ્ધકલમે લખાયેલ–તેમના જીવનના આ છેલ્લા ગ્રંથનું પ્રકાશન તેઓશ્રી છઠ્ઠી પુણ્યતિથિ તા. ૧૮ માર્ચ, ૧૯૯૦ ના રોજ થયું.

આ પુસ્તકના પ્રકાશક છે ગુજરાત પુસ્તકાલય સહાયક સહકારી મંડળ લિ. રાવપુરા, પો. બો. નં. ૧૦, વડોદરા–૧ ને આ મોટા પુસ્તકની કિંમત છે રૂા. ૧૫૦ પરંતુ તેઓશ્રીની પુણ્યતિથિના રોજ સર્વમંગલ ચે. ટ્રસ્ટ તરફથી પડતર કિંમત રૂા. ૧૧૩ માં સાધકોને આપવામાં આવ્યું. પ્રકાશનના પ્રથમ દિવસે જ તેની ૧૦૦ જેટલી નકલો વેચાઇ ગઇ! આ માટે સાધકોને અભિનંદન ઘટે છે.



# મંજુસરના મહાત્મા–શ્રી સદ્ગુરુ ગિરજાશંકર મહારાજ

અજિત પાઠક

कुलं पवित्रं जननी कृतार्था वसुंधरा पुण्यवती च तेन ।
अपार सवित्सुखसागरेऽस्मिन् लीनं परब्रह्मणि यस्य चेतः।।

પૂજ્યપાદ શ્રી મુગટરામ મહારાજના જ્યેષ્ઠ પુત્ર શ્રી ગિરજાશંકર મહારાજનું પ્રાકટ્ય વિક્રમ સંવત ૧૯૫૦ મહા સુદ ૧ ના દિવસે બોરસદ તાલુકાના દાનોલ ગામે થયું હતું. જ્યેષ્ઠ પુત્ર હોવાથી શ્રી મુગટરામજીના શિષ્યો તેમને આદરથી મોટાભાઇ તરીકે સંબોધતા. બાળપણમાં તેઓશ્રીને સ્લેટ પર લખતા જોઇ પ. પૂજ્ય શ્રી દાજીરામજી મહારાજે તેઓશ્રીનો હાથ પકડી ૧ થી ૧૦૦ સુધી લખતાં શીખવી દીધું હતું.

મંજુસરના આ મહાત્માઓને ભવ્ય અંજલિ આપતાં પ. પૂ. શ્રી યોગેશ્વરજી જણાવે છે કે:–

"ગરવી ગુર્જરભૂમિ ધાર્મિક અથવા આધ્યાત્મિક ક્ષેત્રે ભારતના શિરમુકુટ સરખી છે. મહાપુરુષોની એ પ્રાદુર્ભાવ પરંપરામાં વડોદરા પાસેના મંજુસર ગામના સ્વનામ ધન્ય સત્પુરુષો શ્રી દાજીરામ મહારાજ, શ્રી મુગટરામ મહારાજ તથા શ્રી ગિરજાશંકર મહારાજનું સ્થાન અત્યંત આગળ પડતું છે. એમના પ્રાગટ્યથી ગુજરાતની જ નહીં, ભારતની જ નહી, પરંતુ સમસ્ત સૃષ્ટિની ધરતી પવિત્ર બની છે."

"આ લોકોત્તર મહાપુરુષોએ પોતાના જીવનકાળ દરમ્યાન પોતાની સવિશેષ શક્તિથી અનેકને પ્રેરણા અને પ્રકાશ પહોંચાડ્યો તથા પથપ્રદર્શન પૂરું પાડ્યું. આજે પણ એમની સૂક્ષ્મ શરીરધારિણી વિશિષ્ઠ શક્તિ એવી જ રીતે કાર્ય કરી રહી છે."

"આ મહાત્મા પુરુષોએ જંગલમાં જઈને નહીં, પરંતુ વસ્તીની વચ્ચે વસીને, સર્વસંગ પરિત્યાગીને નહીં, પરંતુ સંગદોષથી પર રહીને, લગ્નજીવન વર્જ્ય માનીને નહીં, પરંતુ આદર્શ રીતે જીવી બતાવીને સંસારમાં રહેલા ઈતર મનુષ્યોના જીવન ઉજ્જવળ, ચુસ્ત અને પૂર્ણ બનાવવાનો પદાર્થપાઠ પૂરો પાડ્યો છે."

પૂ. ગિરજાશંકર મહારાજે સત્તર વર્ષની વયે જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિનાં ઘણાં ભજનો લખ્યાં છે.

પોતેશ્રી નાની ઉંમરમાં મંજુસરના દેવમંદિરની ઉપરના કમરામાં કંતાનના પડદાનું પાર્ટીશન કરી એક ચિત્તે રુદ્રાક્ષની માળા ફેરવતા; ગાયત્રી મંત્રનો જપ કરતા. રુદ્રાક્ષની માળા દશ માળા ભેગી કરે એટલી લાંબી. તેથી ટોપલીમાં રાખે. જ્યારે સવાલક્ષ મંત્ર પૂરા થાય એટલે પૂ. શ્રી મુગટરામ મહારાજ કહેતા કે મોટાભાઈએ સવાલક્ષ જપ કર્યાં છે. તેથી હોમહવન કરાવીએ અને એ પ્રમાણે કરાવતા.

પૂ. પાદ મુગટરામજી મહારાજના બ્રહ્મલીન થયા પછી માત્ર ૩૦ વર્ષની વયે ગુરુપદ સંભાળવાની જવાબદારી તેમના શિરે આવી પડી. ગુરુમહારાજ પોતે સાક્ષાત્ ભગવદ્ સ્વરૂપ હતા. માનવદેહે વિચરણ કરનાર નારાયણ હતા. ત્રિકાળદર્શી



હતા, છતાં તેઓશ્રીનું જીવન એટલું સાદું હતું, વ્યવહાર એટલો બધો વિનમ્ર હતો કે જોનારને તેઓ અતિ સાધારણ બ્રાહ્મણ લાગતા. પોતાના શરણે આવેલી વ્યક્તિનું સર્વ પ્રકારે કલ્યાણ થાય એવોં યત્ન હંમેશાં તે કરતા. ગુરુમહારાજનું સમગ્ર જીવન ભક્તોના કલ્યાણ માટે હતું. ભક્તને શ્રદ્ધા ઉત્પન્ન થાય એવા પ્રસંગો ઉપસ્થિત થતા અને તેથી તેનામાં ભક્તિના સંસ્કારો જાગૃત અને દૃઢીભૂત થતા. શ્રીગુરુ વ્યવહારિક તેમજ આધ્યાત્મિક પ્રશ્નોનું માર્ગદર્શન આપતા. આવેલ ભક્તની શક્તિ અનુસાર અને તેના ઉપાસ્ય દેવનું આરાધન કે જપ તપ કરવા કહેતા. ભક્તના કાર્યમાં જે સિદ્ધિ થતી તે તેમના વચનાનુસાર થતી. છતાં પોતે કર્તા છતાં અકર્તા રહે. મોટાભાગના ભક્તો ધન, યશ, પુત્ર, ઘર, વેપાર વિગેરે માટે જ આવતા, આધ્યાત્મિક ઉત્કર્ષ માટે થોડા આવતા. તેથી તેઓ કહેતા 'કાચકે ટૂકડે લેને કે લીયે સબ આતે હૈં, લેકિન હીરા લેને કે લીએ કોઇ નહીં આતા.'

તેઓશ્રીના સ્વભાવમાં સર્વધર્મ ભાવ વિશેષરૂપે જોવામાં આવતો. તેમના સમાગમમાં માત્ર હિંદુઓ જ નહીં પરંતુ પારસી, જૈન વિગેરે કોમના ઘણા મુમુક્ષુઓ આવતા.

ભક્તોને થયેલા જુદા જુદા અનુભવોમાં ભક્તિભાવ ઉત્કટ હોય એટલે ચમત્કારોનું પ્રાબલ્ય વિશેષ હોય એ કુદરતી છે. પણ આ ચમત્કારોના અંશોથી વિમુક્ત સંતોનું સ્વાભાવિક ચિત્ર કોઈપણ વાંચકને પ્રેરણાદાયી થઇ પડે તેવું હોય છે. પૂ. શ્રીના જીવનના જુદા જુદા પ્રસંગો પરથી તેમની દૃષ્ટિ કેવી હતી તે નીચેના ટૂંકમાં આલેખાયેલા પ્રસંગો પરથી જોઇ શકાય છે.

દહાણુ નજીક સામટાના સ્વ. ગંગાદાસનામના ભક્તને ઘેર આગ લાગી. હજારો રૂપિયાનું નુકશાન થયું ત્યારે તેમણે ભક્તને કહ્યું કે એક મહીના પહેલાં તમે એક વૃદ્ધ ગરીબ માણસ પાસેથી સવા આઠ રૂપિયા બળજબરીથી લીધા છે તેથી તે ગરીબની હાય લાગવાથી આ નુકસાન થયું છે.

"અન્યને દુ:ખી કરીને, ત્રાસ આપીને આપણે કેવી રીતે સુખી થઇ શકીએ?" તેવી મતલબ આ પ્રસંગમાં જણાય છે.

એક ભક્તનો દાદરો ઉતરતાં પડી જવાથી પગ ભાંગી ગયો, તો કહ્યું કે "બિલાડીને તેં લૂલી કરી તો તું પણ તેવું દુ:ખ ભોગવ. કાયદો એ કાયદો" આ દ્વારા કર્મના અટલ નિયમનો સંકેત કરી પ્રાણીમાત્ર પ્રત્યે દયાભાવ રાખવા જ બોધ કર્યો છે.

"ઘોડો બિચારો તરસ્યો રહ્યો" કે "આ ગધેડો મને ફરિયાદ કરે છે કે તું એની પાસે બહુ કામ લે છે" વગેરે પ્રસંગો પણ સહાનુભૂતિ, અનુકંપા કે ભૂતદયાના દ્યોતક છે.

"તમે તો આ ગરીબ બ્રાહ્મણને દુ:ખી કરશો" કહી વગર રજાએ બીજાના ખેતરમાંથી તાજી તુવેર લાવીને ભક્તે અર્પણ કરી ત્યારે આ મહાત્માએ ઉપર ઉચ્ચારેલા શબ્દો મનુષ્યને પ્રામાણિકતાના પંથે આગળ લઇ જવામાં પ્રેરક બને તેવા છે.

મંજુસરનાં હરિજન નવદંપતી અતિશય વરસાદને કારણે મહાત્માના દર્શને જઇ શકતાં નથી, ત્યારે તેઓ પોતે જ હરિજન વાસમાંથી પસાર થઇને તેમને દર્શન આપી તેમની મનોકામના પૂર્ણ કરે છે. આ પ્રસંગ મહાત્માની સમદર્શિતાનું સચોટ દૃષ્ટાંત પૂરું પાડે છે.



મુરલીધર નામના મુંલાઇના એક શિલ્પી ભક્ત શ્રીગુરુના દર્શનાર્થે આવ્યા. તે પોતાના ઘરે રોજ રામચંદ્ર ભગવાનની પૂજા કરતા હતા. પૂજાની છબી ખૂબ જ જૂની થઇ ગઇ હતી અને તેને બદલવાનો વિચાર ઘણા સમયથી કરતા હતા. તે મંજુસર આવ્યા ત્યારે ગુરુમહારાજે કહ્યું "તમારે ઘેર ભગવાન રામનો ફોટો છે?" તેણે કહ્યું "હા જી" મહારાજશ્રીએ આગળ કહ્યું "ફોટો ભલે જૂનો થયો ભગવાન જૂના થતા નથી, તેને બદલવાની ચિંતા ના કરો. પણ જે ડબ્બામાં ભગવાનને ધરાવવાની ખાંડ રાખો છો તે ડબ્બો કાટવાળો છે. એવા કાટવાળા ડબ્બાની ખાંડનું ભગવાનને નૈવેદ્ય ના ધરાવાય." આવાં દૃષ્ટાંત દ્વારા પ્રભુસેવા કેમ કરવી અને તે માટે શા શા ખ્યાલો રાખવા તેની ઝીણામાં ઝીણી બાબતો પ્રત્યે ભક્તોને સજાગ કરી ફોટા કે મૂર્તિમાં દેખાતી જડતા દૂર કરી તેમાં ચૈતન્યભાવ કેળવવાનો બોધ આપતા.

ભોજન સમયે સેંકડો અને હજારો માઇલ દૂર હોવા છતાં ભક્તની પ્રાર્થના સાંભળી તેના ભોજનનો સ્વીકાર કરતા અને તેની ખાતરી પણ કરાવતા.

જનતા જનાર્દનની સેવા એજ પ્રભુસેવા છે. તેથી દીનદુ:ખીઓની સેવા કરવાનું તેઓશ્રી કહેતા. ગુરુદ્વારે આવેલો કોઇ ભૂખ્યો ન જાય તેનું ધ્યાન રખાતું. તેઓ अन्नदानम् महादानम्માં બહુ માનતા. શ્રીગુરુ ભક્તોને ઘણીવારે કહેતા કે માણસે બની શકે ત્યાં સુધી પારકાનું અન્ન ન ખાવું. અનીતિથી જેણે ધન પ્રાપ્ત કર્યું છે, તેનું અન્ન આપણે ખાઇએ તો આપણામાં પણ તેવી વૃત્તિ કે પાપ ઉત્પન્ન થશે.

સામાન્ય રીતે તેઓશ્રી નિયમપાલનના આગ્રહી હતા. છતાં નિયમ પાલનમાં જડતા નહીં. કોઇ ભક્ત ઓચિંતા બપોરે આવી ચડ્યા હોય અને તર્ત જ પાછા જવું હોય તો તેઓ ભક્તની સગવડ સાચવવા તેમનેં બપોરે પણ મળતા. બાકી સામાન્ય રીતે તેઓ બપોરના સમયે આરામ કરતા. પોતે ઈશ્વરના અંશાવતારી પુરુષ હતા. છતાં વિનમ્રભાવે પોતાના આંગણે આવેલા સાધુ સંતોની સેવા કરતા અને સત્કાર કરતા. તેઓશ્રી પોતાના ઐશ્વર્યને બતાવી ભક્તોને આંજી નાખવાની કદી સ્પૃહા કરતા નહીં. તેઓ અહંકાર રહિત હતા. પોતે સદ્‌ગુરુ હતા છતાં કહેતા કે ગુરુમહારાજની ઇચ્છા અનુસાર બધું થાય છે, તેમને પ્રાર્થના કરો, તેઓ સમર્થ છે વગેરે.

પૂ. ગુરુદેવના આચરણની વિશેષતા એ હતી કે શિક્ષિત -અશિક્ષિત, જ્ઞાની-અજ્ઞાની, શહેરી-ગ્રામીણ, ભક્ત-અભક્ત, બ્રાહ્મણ-શૂદ્ર આદિ સર્વ તેમની પાસે આવતા. તે સર્વના મનનું યોગ્ય અને ઉત્તમ રીતે સમાધાન કરતા. તેમનામાં ઈશશ્રદ્ધાનાં બીજ વાવતા અને કલ્યાણનો માર્ગ બતાવતા. તેઓનું ઉત્તમ પવિત્ર ગૃહસ્થાશ્રામી જીવન સહુને ગમી જાય તેવું હતું. તેમની ભાષા ગ્રામીણ અને મીઠી હતી.

પોતે જીવન મુક્ત હોવા છતાં બ્રાહ્મણ ધર્મના આચાર વિચારનું પૂર્ણપણે પાલન કરતા. ભોજન સમયે અવશ્ય સ્નાન કરી પીતાંબર પહેરી ભોજન કરતા. ગુરુપૂર્ણિમા તથા ગુરુછઠ (ફાગણ વદી-છઠ) ના ઉત્સવના દિવસે પહેલાં તેઓ પોતાના પિતા અને સદ્‌ગુરુ મુગટરામ મહારાજ તથા પરમ સદ્‌ગુરુ શ્રી દાજીરામ મહારાજનું વેદોક્ત વિધિથી પૂજન



કરતા અને ત્યાર પછી જ હજારો ભક્તો તેમનું પૂજન કરતા.

શ્રી ગુરુમહારાજ કીર્તિથી બહુ જ દૂર રહેતા. પોતાની જાહેરાત થાય, પ્રસિદ્ધિ થાય એ એમને જરાપણ ગમતું નહીં. તેથી સ્વ. શ્રી જગન્નાથ પંડિતે શ્રી મુકુટલીલામૃત લખ્યું ત્યારે પંડિતજીને પોતેશ્રીએ નમ્રતાથી કહ્યું "પૂજ્યપાદ મુગટરામ મહારાજ વિશે જે કંઇ લખવું હોય તે લખજો, પણ મારે વિશે કશું લખશો નહીં" ઘણીવાર પોતે કહેતા કે કીર્તિ સો કલંક જૈસી, સિદ્ધિ સો ઠગારી હૈ.

શ્રી ગુરુમહારાજ કીર્તિથી દૂર રહેતા પણ તેમના જીવનનું સૂક્ષ્મ અવલોકન કરતાં માલુમ પડે છે કે જરૂર પડ્યે પોતાનું વાસ્તવિક રૂપ અંતરંગ ભક્તો આગળ એક યા બીજા સ્વરૂપે પ્રગટ કરતા. તેમાં ભક્તની યોગ્ય ભૂમિકા હોય તેવાને જ તેવા અનુભવ થતા.

પેરિનબેન નામનાં એક પારસી સ્ત્રીભક્તને તેમના પારસી ગુરુ જે બ્રહ્મલીન થઇ ગયેલા હતા તેમનું દર્શન કરાવ્યું હતું. બીજા એક પારસી સદ્‌ગૃસ્થ પદમજી કરીને હતા તે ખૂબ ઉંચી આધ્યાત્મિક ભૂમિકાએ પહોંચેલા હતા. તે કોઇ કોઇવાર રાત્રે સૂક્ષ્મ શરીરે બહાર જતા હતા જે પૂ. ગુરુદેવે તેમને તેમ કરવાની મના કરી હતી.

વડોદરામાં શ્રી અડાલજા કરીને એક ચીફ ઇન્જીનીયર રહેતા હતા. પોતે કૃષ્ણભક્ત હતા. પોતાના બંગલાની બહાર શ્રી કૃષ્ણને નાવા-તરવા પાણીનો હોજ પણ શ્રદ્ધાભાવનાથી બનાવેલો હતો. તેમણે પૂ. ગુરુમહારાજનું નામ સાંભળ્યું હતું પણ દર્શન કરેલાં નહીં, એક જન્માષ્ટમીએ મંજુસરમાં પૂ.

ગુરુદેવની હાજરીમાં કૃષ્ણ ભજનનો આનંદ ભક્તોએ માણ્યો. પછી પૂ. ગુરુદેવે ભક્તોને શ્રી કૃષ્ણનું ધ્યાન ધરવાનું કહ્યું. ઉમરેઠના એક બહેનને શ્રી કૃષ્ણભગવાનના (બાળસ્વરૂપ) ના નાના દોઢ પગલાની છાપનાં દર્શન થયાં. ધ્યાન પૂરું થયા પછી તેમણે તે અનુભવ બધાને કહ્યો. પૂ. ગુરુદેવે કહ્યું "વાત બરાબર છે. વડોદરામાં શ્રી અડાલજા સાહેબના કુંડમાં બાળકૃષ્ણે લીલા કરી છે અને તે તમને દર્શન થયાં છે." બીજા દિવસે બધા ઓચિંતા વડોદરા ગયા. શ્રી અડાલજા સાહેબને ખૂબ આશ્ચર્ય અને આનંદ થયો કારણ કે એક મહાન વિભૂતિ તેમને ત્યાં ઓચિંતી-ઓળખાણ વગર આવી હતી. પછી પૂ. ગુરુદેવે પેલા બેનના ધ્યાનની વાત કરી અને બધા બંગલાની પાછળ હોજ આગળ ગયા તો સાચે જ બાળકૃષ્ણના દોઢ પગલાની છાપ હતી. પૂ. ગુરુદેવે કહ્યું કે "લાવો આ માટી, મારા પગે ઘસુ જેથી વા મટી જાય." શ્રી અડાલજા સાહેબે પછી તેટલી જમીનનો ભાગ સાચવીને ખોદાવીને તે માટી સૂકવીને દોઢ પગલાની છાપ તેમના દેવમંદિરમાં મૂકી છે.

"મંજુસરના મહાત્મા"-ગ્રંથ લખનાર લેખકને પૂ. ગુરુદેવે શિરડીમાં તે ભક્ત જ્યારે ગયેલા ત્યારે સ્વપ્નદર્શન આપી અન્યોન્ય એકતાની પ્રતીતિ કરાવી હતી. તે લેખકને સ્વામી સહજાનંદ સરસ્વતીની સાથે પણ એકરૂપતાનાં સ્વપ્નદર્શન આપ્યાં હતાં, જ્યારે લેખકનાં માતુશ્રી આ માટે મંજુસર પૂ. શ્રીને પૂછવા ગયાં તો પૂછતા પહેલાં જ તેમણે જણાવ્યું કે પ્રવિણભાઈને આવેલું સ્વપ્નું સાચું છે. હું અને પૂ. સહજાનંદ એક જ છીએ.



આ લેખ લખનારને પણ પૂ. ગુરુદેવ ગિરજાશંકર મહારાજે પ. પૂ. યોગેશ્વરજી મહાત્માની સાથેની અભિન્નતાના સ્વપ્નદર્શન કરાવ્યાં હતાં. જેની વિગતવાર છણાવટ પ. પૂ. મા સર્વેશ્વરીની હાજરીમાં ભક્તવૃંદ સમક્ષ કોર્નવોલ (કેનેડા) માં કરી હતી.

પૂજ્યપાદ મુકુટરામ મહારાજશ્રીને કોઈક ભક્તે પૂછેલું કે પૂ. મોટાભાઈની આધ્યાત્મિક શક્તિ કેટલી? પૂ. મુગટરામ મહારાજે જવાબ આપેલો "મોટાભાઈની દિવ્ય શક્તિને તમે કેવી જાણો છો? તેઓ ધારે તો પૃથ્વીના બે ભાગ કરી શકે" પૂ. મુગટરામજી મહારાજ ઘણીવાર તેમને તેમનું અસલ સ્વરૂપ ધ્યાનમાં રાખી ગિરધારીલાલ નામથી પણ બોલાવતા.

પોતાની પાસે આવી શક્તિઓ હોવા છતાં બને તેટલી ગુપ્ત જ રાખતા અને કોઈની પણ સ્પૃહા રાખતા નહીં. એક વાર વાંસદાના મહારાજાએ તેમને પૂછ્યું "તમે આ બધું કેવી રીતે જાણી શકો છો?" પૂ. ગુરુદેવે કહ્યું, "પૂ. ગુરુમહારાજની દયાથી જ હું જાણું છું બાકી તો તેમણે કહ્યું હતું તે પ્રમાણે હું ગાયત્રી કર્યા કરું છું." વાંસદાના મહારાજાને લાગ્યું કે આ હજુ સાધક અવસ્થામાં જ છે સિદ્ધ અવસ્થાએ પહોંચ્યા નથી. પછી તેમણે મંજુસર સાથેનો સંબંધ ઘટાડી દીધો હતો.

આવા સ્વનામધન્ય પ્રાતઃસ્મરણીય મહાત્મા રવિવાર તા. ૩ જુન ૧૯૫૧ ના રોજ બ્રહ્મલીન થયા. સદ્ગુરુને મૃત્યુ નથી. તેઓનું પંચમહાભૂતોનું શરીર ભલે આ જગતમાં ન હોય છતાં ભક્તોને સદ્ગુરુ મૃત્યુ પામ્યા હોય તેમ લાગતું નથી. ગુરુભક્તોને તો સદાય એમ જ લાગે છે કે મારા ગુરુદેવ હજી

મારી સમક્ષ જ છે. મારી સાથે જ છે, તે મારામાં છે અને હું તેમનામાં છું.

"મંજુસરના મહાત્મા" અને "મહામાનવ ગિરજાશંકર" નામના બે પુસ્તકોમાં શ્રીગુરુની જીવનકથા આલેખાયેલી છે.

અંતમાં એક જ પરમ તત્ત્વના અનંતકાળથી જુદા જુદા પ્રાગટ્ય થતાં સ્વરૂપોને શત શત પ્રણામ.

જય હો પ. પૂ. મા સર્વેશ્વરીનો
જય હો પ. પૂ. મહાત્મા યોગેશ્વરજીનો
જય હો મંજુસરના મહાત્માઓનો

શ્રી યોગેશ્વર કૃપા
સંદીપ વેલ્ડીંગ વર્કસ
ગ્રીલ, દરવાજા, તેમજ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમજ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત-૩૯૫ ૦૦૭.



# દર્શન

દામિની શાહ, ટોરેન્ટો

આંખથી આપણે જોઇએ છીએ. જે જોઇએ છીએ તેમાંથી થોડી વસ્તુઓને આપણે નિહાળીએ છીએ. નિહાળવાની ક્રિયામાં થોડો રૂચિ અને ગમવાનો સંકેત રહેલો છે. નિહાળવાની ભૂમિકા પછીની ભૂમિકા દર્શનની છે. દર્શન દેવદેવીનાં હોઇ શકે, દર્શન સંત મહાત્માનાં હોઇ શકે, જ્ઞાની, વૈરાગી, ત્યાગી કે ભક્તનાં હોઇ શકે. દર્શનથી નેત્રો પાવન થાય છે, હૈયું પ્રેમથી પુલકિત બને છે, અને મનને અનેરી શાંતિનો અનુભવ થાય છે.

વિદેશની ધરતી ઉપર વસતા ભાઇબહેનોને માટે સમયનો અભાવ અને ખૂબ જ કામ હોય છે, વિદેશનું ધમાલીઆપણું અને પ્રવૃત્તિશીલતા જીવનનો શાપ થઇ ગયાં છે. પૂ. મા ટોરન્ટો-કેનેડામાં શ્રી સુરેશભાઇ શાહને ઘેર પધાર્યા તે દિવસો ૧૯૮૮ ના ઓગસ્ટ મહિનાના હતા. તેઓ અમારી પાસેની જ સ્ટ્રીટમાં રહેતાં હતાં. અને જ્યારે પૂ. મા ટોરન્ટોમાં હોય ત્યારે મન એક પ્રકારનું ચુંબકીય આકર્ષણ અનુભવતું રહે છે. તેથી પૂ. માના દર્શનનો જેટલો પણ લાભ લેવાય તેટલો લઇ લેવો તેવું સતત મનમાં થયાં કરે છે.

પૂ. મા વિદેશમાં પણ સત્સંગનો સમય સાંજના રાખે છે. સવાર અને બપોર પોતાની સાધના અને લેખન જેવાં બીજાં કાર્યો માટે રાખે છે. પૂ. માને જે ઓરડામાં ઊતારો આપવામાં

આવ્યો હતો તે ઓરડાની બારી સડક ઉપર પડતી હતી. તેથી મેં નિયમ કરેલો કે પૂ. માનાં દર્શન સવારે કામે જતાં પહેલાં ના થાય તો કાંઇ નહીં, પણ પૂ. માના ઓરડાની બારીનાં દર્શન કરીને જ નોકરી ઉપર જવું. આવો ક્રમ લગભગ અઠવાડીયું ચાલ્યો. તે પછી પૂ. માને યજમાન સાથેની વાતચીત દ્વારા ખબર પડી કે હું સવારે દરરોજ આવીને બહારથી બંધ બારણાનાં કે બંધ બારીનાં દર્શન કરીને જઉં છું. તો બીજા જ દિવસથી પૂ. માએ કૃપા કરીને જણાવ્યું કે "અમરા ઓરડાનું દ્વાર સવારે ખુલ્લું રાખીશું. તમને સૌને તેથી દર્શનનો લાભ મળી રહેશે."

જ્યારે મને આ વાતની ખબર પડી ત્યારે મનમાં ખૂબ જ આનંદ થયો. મનોમન પૂ. માને વંદન થઇ ગયાં. વાત્સલ્યમૂર્તિ એ સંતના ચરણોમાં મસ્તક ઝૂકી ગયું. ત્યારબાદ ઘણીવાર પૂ. માના દર્શનનો લાભ મળતો રહ્યો. પૂ. માનું દર્શન અને સાન્નિધ્ય મન અને હૃદયને અનેરો આનંદ આપે છે. આ અનુભવની વાત છે. શબ્દોથી તેને વર્ણવી ના શકાય. પૂ. મા જ્યાં જ્યાં વિચરે છે તે સ્થળ તીર્થ બની જાય છે. પૂ. મા વિદેશમાં અમારા જેવા ભક્તોને પ્રેરણા અને સત્સંગનો લાભ આપવા જ પધારે છે. ઉપલક દૃષ્ટિએ પૂ. માનાં દર્શન સામાન્ય લાગતાં હોય, પણ તે દર્શન ખરેખર અલૌકિક ને અમોઘ છે, અને જીવનને ધન્ય કરનારાં છે.

પૂ. માના જીવનમાં પ્રભુ પ્રત્યક્ષ વિરાજેલા છે, તે તેઓનાં દર્શનથી જણાય છે.



# વિદેશની ધરતી ઉપર પૂ. માના જન્મદિનની ઉજવણી

સુરેશભાઇ શાહ (ટોરેન્ટો)

૧૨ નવે. ૮૯ (ભારતની તા. ૧૩, નવે.) અમારા જીવનનો ધન્ય દિવસ. પૂ. માનો એ જન્મદિવસ-પ્રાકટ્ય દિન.

વર્ષોની અમારી ઇચ્છાની પૂર્તિ એ દિવસે થઇ. ૧૯૮૮ માં એજ ધન્ય દિવસની ઉજવણી કેલીફોર્નિયામાં શ્રી ભગવાનજીભાઇના ઘરે થયેલી. તે દિવસે અમો કેનેડાવાસી ભક્તોને પૂ. માએ વચન આપેલું "આવતાં વર્ષે કેનેડામાં અમે પધારીશું." પૂ. માએ પોતાનું એ વચન પાળી બતાવ્યું.

એક તપસ્વી સંતનો જન્મદિવસ ઉજવવાનું સદ્‌ભાગ્ય બધાના ભાગ્યમાં નથી હોતું-અને તે પણ વિદેશની ધરતી ઉપર અને એ સંતની પ્રત્યક્ષ હાજરીમાં. અમોને એ સદ્‌ભાગ્યે મળ્યું, એ પ્રભુની કૃપા. એ સંતની કૃપા.

ટૂંકી મુદતમાં તે માટેનો હોલ પણ મળી ગયો. વળી અમેરિકાના ન્યુજર્સી, લોસએન્જેલેસ, સાન્ફ્રાન્સિસ્કો, લીટલરોક મેમ્ફીસ, કોલોરાડો ડલાસ, ડીટ્રોઇટ તેમજ છેક ઈગ્લેન્ડથી સાધક ભાઇબહેનો આવ્યાં. એમના આગમને અમારો ઉત્સાહ વધાર્યો.

નવેમ્બર મહિનો એટલે કેનેડામાં ઘણી ઠંડી. બરફ પડે.

પરંતુ પૂ. ગુરુદેવ ને પૂ. માની કૃપાથી પ્રકૃતિ પણ સાનુકૂળ થઇ ગઇ! બરફની વર્ષા બંધ થઇ ગઇ. વાતાવરણ ખુશનુમાં બની ગયું. જાણે એને પણ આજની ઉજવણીનો આનંદ ન હોય?

સરસ રીતે નયનરમ્ય રોશનીથી સ્ટેજ શણગાર્યું. પૂ. માની બેઠક પણ કલાત્મક રીતે સજાવી. ભક્તોનું અભિવાદન ઝીલતાં પૂ. મા બરાબર બે વાગે હોલમાં પધાર્યા. ભક્તોએ પૂ. માના માર્ગમાં ફૂલો પાથર્યા છે. પરંતુ ફૂલથી પણ મૃદુ મા એ પુષ્પો પર પગ દે ખરાં? એમણે આજ્ઞા કરી "ફૂલોને હટાવી લો. એમનું સ્થાન પ્રભુના મસ્તક પર છે. એમને આમ માર્ગમાં ના પથરાય. તમારો ભાવ અમને પહોંચી ગયો છે, એમ સમજો."

સંસારીઓના જન્મદિને ખાવાપીવાનું, મોજમઝા હોય, પરંતુ સંતોના જન્મદિને તો સત્સંગ જ શોભે, પ્રભુના ને પ્રભુના ભક્તોના ગુણાવાદ ગવાય એજ રીતે પૂ. ગુરુદેવ અને પૂ. માની સ્તવનમાળાઓ ને સ્તુતિઓ ગવાઇ. પરિણામે વાતાવરણમાં એક પ્રકારના આધ્યાત્મિક સ્પંદનો ફરી વળ્યાં, આસપાસ સાત્ત્વિકતા પ્રસરી ગઇ. પછી સંગીતનાં સુરીલા વાદ્યો સાથે ગવાયેલાં ભજનો અને ધૂનોએ વાતાવરણમાં ભાવભક્તિ ભરી દીધાં. ઉપસ્થિત ભક્તો એમાં ભીંજાઇ રહ્યા. વિદેશની ધરતી ઉપર જાણે ભારત ખડું થઇ ગયું!

એમાં રંગ પૂર્યા શ્રી ગુલાબબેન ભક્ત (મિમ્ફીસ) શ્રી અશોકભાઇ પાઠક અને શ્રી દશરથભાઇ શાહની ભક્તિસભર વાણીએ. પૂ. માના આધ્યાત્મિક જીવનનું તેઓ સૌએ યશોગાન કર્યું.



પૂ. માને આજે બેહજાર દિવસો ઉપરાંતના ઉપવાસો છે. વળી આજે નિર્જળા વ્રત છે. વ્યાસપીઠ ઉપર વિરાજેલાં પૂ. મા દેવી જેવાં દેદીપ્યમાન ને ગૌરવવંતા જણાય છે. પૂ. મા સૌ પ્રથમ પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજીને ને પછી પોતાનાં માતાપિતાને વંદન કરે છે; કારણ એકને લીધે જન્મ ને બીજાને લીધે આત્મિક ઉન્નતિ. એમનાં ઋણ કેમ ભૂલાય?

પૂ. મા કહે છે. "આ જીવનનો પુણ્યપ્રવાસ સહુએ એકલા જ ખેડવાનો છે. એ પ્રવાસ ખેડતાં માર્ગમાં ઘણી આસક્તિઓ અને મમતાઓ ઊભી થાય છે. પરિણામે જીવ પોતાનું ભગવદ્‌પ્રાપ્તિનું ધ્યેય ભૂલી, માર્ગમાં જ અટવાઇ જાય છે. પરંતુ જો કોઇ સદ્‌ગુરુ મળી જાય તો આસક્તિઓથી બંધાયેલો જીવ જાગ્રત બની ફરી પ્રભુપંથે પડી, આગળ વધે છે ને એક ધન્ય દિવસે પ્રભુને પ્રાપ્ત કરી લે છે."

"સદ્‌ભાગ્યે અમને સારાં માતાપિતા મળેલાં. તેઓએ નાનપણથી જ અમને ધાર્મિક સંસ્કારો આપ્યા, જે અમને અમારા આગળના જીવનમાં ઉપયોગી ઠર્યા."

"શ્રી યોગેશ્વરજી જેવા સમર્થ સદ્‌ગુરુએ અમારા જેવા ધૂળથી ઢંકાઇ માર્ગમાં પડેલા ફૂલને ઊંચકી, સાફ કરી, નિર્મલ બનાવી, પ્રભુના દ્વાર સુધી પહોંચાડ્યું. એટલે અમોએ ગાયુ છે કે 'કરમાતાં પહેલાં ધન્ય બન્યાં, સર્વેશ્વરી ગુરુ પ્રતાપે રે.' પરંતુ મંદિર સુધી પહોંચતાં પહેલાં ઘણાં સંકટોનો સામનો ફૂલને કરવો પડતો હોય છે. એ માટે પ્રભુના પંથે ઝૂકાવવું પડતું હોય છે, સર્વ સમર્પણ કરવું પડતું હોય છે, 'હું તો આવી તારે દ્વાર, ઓ કૃપાનિધિ, માર કે તાર..... પકડજે મારો

હાથ.' અને 'ઝૂકાવ્યું જીવન મારું રે, પ્રભુજીના પંથે.' તે માર્ગે તપ ને વ્રત કરવાં પડતાં હોય છે જે સમય આવતાં ગુરુકૃપાએ ફળે છે."

"પ્રભુપ્રાપ્તિના માર્ગમાં વિરહની વ્યથા જેવી તેવી નથી હોતી. આંસુડાંની ધારેધાર, અહોનિશ આંખમાં ચાલતી રહે છે. નિંદા અને ટીકાઓનાં ફૂલ વરસતાં રહે છે, જ્યારે બીજીબાજુ પ્રભુમિલનની અપેક્ષાએ દિલ તલસાટના દર્દથી દાઝતું રહે છે. આ પરિસ્થિતિઓમાંથી હર ભક્તે પસાર થવું પડે છે. તો એક ધન્ય દિવસે પ્રભુ એમના ઉપર કૃપા વરસાવી દેતો હોય છે. તેથી અમે ગાયું કે:-'અમને મળી ગયા દેવના દેવ હરિ.' જેમણે 'દિવ્ય દર્શનની લ્હાણ ધરી' અમારી વિષયોનાં વિષભરી પ્યાલીને પિયૂષે છલકાવી દીધી."

"પરંતુ તે માટે ગુરુનું શરણ આવશ્યક છે. એ શરણમાં શું નથી મળતું? શાંતિ મળે, અડસઠ તીર્થો જડે ને દર્શનથી કૃતકૃત્યતા, ભ્રાંતિઓ ને ભ્રમ ટળી જાય ને કૃપા પામતાં જીવનમુક્તિનું મંગલદ્વાર ઉઘડી જાય."

"અમને પ્રભુકૃપાએ શ્રી યોગેશ્વરજી જેવા સમર્થ સંતપુરુષનું સાન્નિધ્ય પ્રાપ્ત થયું. પરંતુ એ સૌભાગ્ય સાડા ચાર વર્ષ જ ટક્યું. ને એ મહાપુરુષે અમારા જીવનમાંથી એકાએક વિદાય લીધી. એણે અમારા હૃદયમાં અકથ્ય પીડા પ્રકટાવી ને અમારાથી ગવાઇ ગયું. 'પ્રિયતમ પ્રકટ થા, પ્રિયતમ પ્રકટ થા.' કારણ અમને તો સાધનાની પગદંડીનો કોઈ પરિચય નથી, વળી તું તો અમારા દિલની દર્દભરી વાતો ઠાલવવાનું ઠામ હતો. હવે અમે ક્યાં જઇ ઠરીએ?"



"અને અમને જીવન પરથી ઉપરામતા આવી ગઈ. અનાજ છૂટી ગયું. એને ખાવાની હવે શી જરૂર? અમારા જીવનમાં દિનપ્રતિદિન પ્રભુના આગમનની વાટ જોવાની શરૂઆત થઈ." એ ભાવોમાંથી એક ગીત જન્મ્યું:-

"વ્હાલા તારી વાટડી જોઉં દિન રાતરે,
હે પ્રાણ પ્યારા, સજાવી લે જીવનબાગ."

કારણ કે તારા વિરહની આગનું જે દર્દ છે, તે તારા મિલન વગર મટવાનું નથી. એ માટે પ્રાર્થનાના પોકારો શરૂ થયા. એના શબ્દો આ રહ્યા:-

"તન હરિને ધર્યું, મન ગુરુને વર્યું,
બાકી હતું જે મારું, હરિ હાટે વેચાયું બધું."

હવે અમારું સ્વતંત્ર અસ્તિત્વ જ ક્યાં રહ્યું? એટલે અમે ગાયું "સર્વેશ્વરી યોગેશ્વરમાં રમે, સદ્‌ગુરુ સર્વેશ્વરીમાં ફરે, હવે શોધો અલગ તો ક્યાંથી મળે?" એથી અમે લખ્યું છે કે:-

મારા જીવનમાં તું તો સમાઈ ગયો રે,
હવે અળગો કરું કઈ રીતે?
મારા શ્વાસે શ્વાસે પથરાઈ ગયો તું.હવે અળગો કરું કઈ રીતે?

પૂ. મા આગળ બોલતાં કહે છે, "પ્રભુના પંથે પગલાં માંડી તો જુઓ. સંતો અને સિદ્ધપુરુષો આપણી આંગળી પકડવા માટે તૈયાર જ છે. પણ પ્રભુપંથે પ્રામાણિકપણે ચાલનારા કેટલા? પ્રામાણિકપણે પગલાં ભરે છે, તેમની પડખે પ્રભુ આવીને ઊભા જ રહે છે. પરંતુ આ માર્ગે નિરાશ કે હતાશ થવાય નહિ." અદમ્ય ઉત્સાહથી એણે ગાતા રહેવું જોઈએ:-

"પોકારી પોકારી થાકું તો એ તમે સાંભળો ના,
તો યે મારો બંધ કરું કદી ના પોકાર."

કારણ કે,

"દીલ છે દીધું તમોને, પાગલ છે પ્રાણ થયો
તમારા વિના એને ક્યાં આરામ?
લાત મારશો છતાં એ, ચાટીશ એ ચરણોને
તિરસ્કાર કરશો છતાંયે આવીશ એ દ્વાર."

પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજીના અતિ ઉત્સાહપ્રેરક ઉદ્‌ગારોથી પૂ. માએ પોતાનું વક્તવ્ય સમાપન કર્યું. ભક્તિભાવપૂર્ણ એ વાણીથી શ્રોતાઓના મનને એવી શાન્તિ મળતી કે જાણે એ વાણી સુધા સાંભળ્યાં જ કરીએ.

સમારંભના સમાપન પહેલાં રમુજ કરતાં પૂ. માએ ઉમેર્યું કે પ્રભુના નામ સાથે જેટલા શ્વાસ લીધા, તેટલું જ સાચું જીવન, બાકી બધુ ફોગટ. એમ ગણો તો અમારું જીવન પણ દસ વર્ષનું જ ગણાયને?

પૂ. માનું જીવન એટલે મીરાંનો ભક્તિભાવ અને ગોપીઓની પ્રીતનો સમન્વય. પ્રેમ, ગુરુભક્તિ ને શ્રદ્ધાની ત્રિવેણીનો સંગમ-જેમાં સ્નાન કરતાં સહેજે પાવન થઈ જવાય.

પૂ. માના જન્મદિનની ઉજવણી એટલે પૂ. ગુરુદેવ અને પૂ. માની આરતી તો હોય જ. એમના ગાનથી સાધકોએ પોતાની વાણી પાવન કરી, પ્રભુના ચરણે પ્રસાદ ધર્યો.

પૂ. માના જન્મદિન નિમિત્તે ભારતના અનેક ભક્તોએ તાર અને પત્રદ્વારા પોતાની શુભકામનાઓ પાઠવી છે. તે



સંદેશાઓમાં વડોદરાથી પૂર્ણિમાબેન, ગાયત્રીબેન, શ્રી વિનુભાઈ અમીન ને વિજયભાઈ પંડિત, મુંબઈથી પ્રકાશભાઈ, મધુભાઈ ભટ્ટ ને શ્રી જ્યોત્સ્નાબેન, કપૂરાથી શ્રી ઈશ્વરભાઈ અને શ્રી ડાહ્યાભાઈ, ભાવનગરથી અધ્યાત્મના તંત્રી શ્રી નારાયણભાઈ ને શ્રી ભાઈલાલભાઈ છાટબાર, અમદાવાદથી શ્રી બાબુભાઈ વોરા, રંજનબેન ઠાકર, જયાબેન પટેલ, શ્રી શાન્તિભાઈ મહેતા, મોરબીથી શ્રી ભોજાણીભાઈ, તેમજ યુ. એસ. એ.ના શ્રી છગનભાઈ ભક્ત, તથા શ્રી રમેશભાઈ તલાટીનો સમાવેશ થાય છે.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી સુરેશભાઈ શાહે તેમજ આભારવિધિ શ્રી અશોકભાઈ પાઠકે કરી. શ્રી વિકાસ શાહ ને શ્રી વિનોદભાઈ પટેલે આ પ્રસંગની વીડિયો લીધી. ટોરન્ટો ધ્યાન કેન્દ્રે પૂ. માના ૪૬ મા પ્રાકટ્યદિને ભારતના ૪૬ વાર્ષિક ગ્રાહકોની ભેટ ધરતાં, ટોરન્ટો ધ્યાનકેન્દ્રના આવતા વર્ષના એટલે ૧૯૯૧ ના દશાબ્દી કાર્યક્રમમાં પૂ. માને પધારવા વિનંતી કરી. પૂ. માના તથા પૂ. ગુરુદેવના જયઘોષ સાથે કાર્યક્રમ સમાપ્ત થયો. શ્રી મા–પ્રભુનો જય હો, જય હો.


**અંબાજીમાં ક્યાં ઉતરશો?**

" સ્વર્ગારોહણ "

**માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ**

" સ્વર્ગારોહણ ", દાંતા રોડ, અંબાજી. ટે. નં. ૧૬૯

(ઉ.ગુ.) ૩૮૫૧૧૦

## * સદ્ભાવભરી સહાય *

સદ્ભાવભરી સહાયનો પુનિત પ્રવાહ પ. પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજી તેમજ પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીની કૃપાથી ચાલ્યાં જ કરે છે. વાંચકોના જીવનમાં અધ્યાત્મ એવું વણાઇ ગયું છે કે જીવનની હરેક નાનીમોટી કે સારી-માઠી ઘટનાઓમાં એને યાદ કરી સહાય મોકલતા જ રહે છે. આજના અર્થપ્રધાન અને મોંઘવારીના યુગમાં આવી સહાયે જ અધ્યાત્મને ટકાવ્યું છે એટલું જ નહિ પણ વિકસિત પણ કર્યું છે. આવી સહાય પહોંચાડનાર સર્વે ભાઇબહેનોને અંતરના અભિનંદન અને આશિષ. છેલ્લે મળેલી સહાયની વિગત નીચે પ્રમાણે છે:-

રૂા.

૨૧ શ્રી ચંદ્રસેન મૂળજીભાઇ કતીરા, વાપી-પુત્રી નયનાબેનના જન્મદિન નિમિત્તે.

૨૫ શ્રી શકુન્તલાબેન મગનભાઇ પટેલ, ચીખલી-શ્રી ચેતનકુમારની તબીયત સુધરી જતાં.

૧૦૧ શ્રી ચંપાબેન પાઠક, વડોદરા-તરફથી મહેન્દ્રભાઇ પાઠકના સ્મરણાર્થે.

૨૧ શ્રી પ્રવીણાબેન કે. વૈષ્ણવ, સુરત.

૧૧ શ્રી બાલમુકુન્દ શ્રોફ, મોરબી.

૩૫ શ્રી બાલમુકુન્દ શ્રોફ, મોરબી.

૫૧ શ્રી અશોકભાઇ આર. પટેલના ધર્મપત્ની તરફથી શ્રી પટેલની નાદુરસ્ત તબીયત સુધરતાં.

૧૦૧ પૂ. મા પ્રભુના બાળકના પ્રથમ પગારમાંથી, વડોદરા.

૫૦ શ્રી રામદાન નારણદાન મીસણ, મોરબી.

૧૦૦ શ્રી રામદાન નારણદાન મીસણ, મોરબી.



૧૦૧ શ્રી અરિહંત યોગેશ્વર મેમોરિયલ ફાઉન્ડેશન મુંબઇ વતી શ્રી જે.વી. શાહ તેમજ સેક્રેટરી શ્રી લીલાધર ટોપરાણી.

૧૮૦ શ્રી ધીરજભાઇ જી. મોઘરિયા, ધાંગધ્રા.

૧૦૧ શ્રી હરેન્દ્રભાઇ પાઠક, સુરત-પુત્રી મીરાના લગ્ન નિમિત્તે.

૧૧ શ્રી ઉમેશકુમાર પ્રભાશંકર ત્રિવેદી, (મુલુન્ડ) મુંબઇ.

૨૬૭ શ્રી હિતેશભાઇ મોરારભાઇ મિસ્ત્રી, રગ્બી, યુ. કે.

૧૩૪ શ્રી મોરારભાઇ મિસ્ત્રી, રગ્બી, યુ. કે.

૧૩૪ શ્રી ગણપતભાઇ કેશવભાઇ મિસ્ત્રી, રગ્બી, યુ. કે.

૧૦૧ શ્રી રતિલાલ જટાશંકર ત્રિવેદી, ભાવનગર.

૧૧ શ્રી દિગીશકુમાર કે. ભટ્ટ, મોરબી.

૨૧ શ્રી ભાનુશંકર ડી. રાવલ, વડોદરા.

૧૧ શ્રી નયના એન. મકવાણા, ધાંગધ્રા.

૧૦૧ શ્રી ચંદ્રિકા તથા ડો. જયેશ એન. પટેલ, માસમા.

૧૦૧ શ્રી કપિલાબેન શાહ, અમદાવાદ તેઓશ્રીનાં પૂ. માતાજીની સ્મૃતિમાં.

૫૦૧ શ્રી છોટુભાઇ નાથુભાઇ પટેલ, સુરત.

૧૦૧ શ્રી વિનુભાઇ છ. અમીન વડોદરા, પુત્ર અતુલને ત્યાં બીજા પુત્રનો જન્મ થતાં.

૫૧ શ્રી કસ્તુરભાઇ પટેલ, અમદાવાદ, પુત્ર પ્રજ્ઞેશના જન્મદિન નિમિત્તે.

૨૫૧ શ્રી નવીનભાઇ દવે, રાજકોટ.

૧૦૦ શ્રી રામભાઇ પટેલ, સેલ્વાસા, પુત્રી હેતલ ને પુત્ર વિવેકના જન્મદિન નિમિત્તે.

૨૧૦ શ્રી ચંદ્રવિદ્યાબેન પી. મિસ્ત્રી, છોટાઉદેપુર.

૧૫ શ્રી અજયકુમાર નટવરલાલ મહેરિયા, ચરાડા.

૧૦૧ અમદાવાદના એક સાધકભાઇ તરફથી.

૫૦૧ પૂ. સ્વ. શ્રી દિવાળીમાની પુણ્ય સ્મૃતિમાં ભાવનાબેન અરવિંદલાલ ભક્ત, એલ. એ. અમેરિકા.

૫૦૧ શ્રી કૌશલ્યાબેન પી. પટેલ, હાઇકોર્ટમાં કેસ પાછો ખેંચાતાં.

૪૦૧ શ્રી શાન્તાબેન જેકીસનદાસ ભક્ત, નેત્રંગ.

૧૧૧ શ્રી અચરતલાલ હ. જોષી, વડોદરા-પગાર વધારા અંગે.

૨૧ શ્રી અનસૂયાબેન ભટ્ટ, વડોદરા-બેન બીનાના બાબાના જન્મદિન નિમિત્તે.

૫૧ શ્રી મધુબેન વિઠ્ઠલભાઇ પટેલ, પૌત્ર ચિંતનના જન્મદિન નિમિત્તે.

૫૧ શ્રી વિઠ્ઠલભાઇ કે. પટેલ, બેન શ્રદ્ધાના લગ્ન નિમિત્તે.

૧૦૧ નીલેશ મહેન્દ્રકુમાર પંડ્યા વડોદરા-ગુરૂદેવના આશીર્વાદ માગતાં.

૧૦૨ શ્રી મુકુન્દ નટવરલાલ સોરઠિયા, તથા શ્રીમતી લતાબેન મુકુન્દભાઇ સોરઠિયા પરસ્પર લગ્નગ્રંથીથી જોડાતાં.

### એક અનોખી ભેટ

લેસ્ટર, યુ.કે.ના શ્રી પ્રભુદાસભાઇ ને તેમનાં ધર્મપત્ની શ્રી રૂક્ષ્મણિબેને પોતાના પુત્ર તરૂણના પગારમાંથી ને પોતા તરફથી લગભગ રૂા. ૪૦૫૧, જેવી રકમ એક નાના સરખા ચાર લીટીના પત્ર સાથે મોકલી છે. એ ત્રણેની સદ્ભાવના ખરેખર અભિનંદનીય છે.



# પ્રાર્થના પહોંચે છે.

ગીતા લાડ (કેનેડા)

ઉંઘમાં આવતાં સ્વપ્નો શું સાચાં હોઇ શકે! તે સ્વપ્નો કેટલીકવાર ડર લાગે તેવાં ને ધારણા પ્રમાણેનાં નથી હોતાં તો વળી કદીક આનંદ આવે એવાં પણ હોય છે. વળી તેમાનાં કોઇ કોઇ સાચાં પણ પડે છે, એવું સાંભળવામાં આવેલું.

મારા જીવનમાં ઘટેલો એક સ્વપ્નદર્શનનો જ પ્રસંગ આજે અહીં રજુ કરું છું.

તા. ૨૯-૫-૮૯ ની રાત્રે મને સ્વપ્નદર્શન થયું, જેમાં જાણે ભગવાન શંકર મારી સામે ઊભા છે. અને હું મા સર્વેશ્વરી સાથે ઊભી છું. અચાનક ભગવાન શંકરના ગળામાંથી નીકળી સાપ મારા તરફ આવવા લાગ્યો. મને ડર લાગ્યો તેથી પૂ. મા સર્વેશ્વરી તરત જ બોલ્યાં, "ડરે છે શા માટે? હું તો તારી પાસે જ છું. બસ ત્યાં તો સ્વપ્નદર્શન પૂરું થઇ ગયું."

સ્વપ્નમાં પૂ. મા સાથે હતાં તેથી સાપનો ડર ના લાગ્યો, તે સમજાય એવી વાત છે. પણ મારી દશા જુદી જ છે. હું ટી. વી. ઉપર પણ સાપનાં દૃશ્યો જોતાં ખૂબ ડરૂં છું. સાપ વગેરે કાંઇ ટી. વી. ના કાર્યક્રમમાં આવતું હોય તો તે જોવાનું જ બંધ કરું છું.

પરંતુ તા. ૩૦-૫-૮૯ ની સવારથી મારી દશા બદલાઇ ગઇ. સ્વપ્નદર્શનથી નવી હિંમત, નવી શ્રદ્ધા ને નીડરતા

આવી ગઇ હોય તેમ, તે દિવસથી હવે હું ટી. વી. ઉપર પણ સાપનાં ભયંકર દૃશ્યો જોઇ શકું છું. હવે મને જાગ્રત દશામાં પણ કોઇ ડર લાગતો નથી. મારા મનને જાણે વિશ્વાસ થઇ ગયો કે પૂ. મા સદાય મારી સાથે છે. પછી બીવાની શી જરૂર!

અને તેથી જ કેટલાંક સ્વપ્નો સાચાં પડે છે તે વાત મને સાચી લાગી. સ્વપ્નદર્શન દ્વારા સંતો કૃપા કરે છે અને જીવનમાં સર્વ પ્રકારે મદદરૂપ થાય છે, એવું અનુભવવા મળ્યું. સ્વપ્નમાં મળેલું પૂ. મા સર્વેશ્વરીનું અભયવચન જાણે જીવનમાં કામ કરવા લાગ્યું. હે મા! એજ રીતે જીવનમાં આપની કૃપા સદા વરસાવ્યાં કરજો.

"પ્રભુ મને પાજો રે પ્રેમનો પ્યાલો"

આ ભજન શ્રી યોગેશ્વર પ્રભુને પ્રિય હતું. ને પૂ. માના મુખે ગવાતું. સાંભળતાં સૌને તે આનંદ આપે છે.

એ ભજન મને પણ ખૂબ ગમે છે. કામ કરતાં કરતાં પણ મનમાં એ ભજન ગાયાં કરું ને પ્રાર્થના કરું કે હે મા! મને પણ તમારા હાથનો પ્રેમ પ્યાલો પીવા મળે તો કેવું સારું?

રોજ રોજ પ્રાર્થના સાથે એ ભજન ગાવાનું ચાલુ જ હતું, ત્યાં તો એક દિવસ પૂ. માના કામ માટે માના ઉતારા ઉપર જવાનું બન્યું. પણ લગભગ દોઢ કલાક નીચે બેસી પૂ. મા ક્યારે બોલાવે તેની રાહ જોવામાં વીતી ગયો, એવામાં શ્રી ગીતાબેન શાહ આવ્યાં. તેને પૂ. માએ મળવાનો સમય આપ્યો હતો એટલે પૂ. માનાં દર્શને તે તો ઉપર ગયાં. મને થયું "આજે મને હવે તો પૂ. માનાં દર્શન ના થાય." એમ વિચારતી હું નીચે બેઠી હતી ત્યાં અચાનક મને સૂચના મળી કે "તમે મા



પાસે ઉપર જઇ શકો છો" તેથી હું ઉપર ગઇ, પૂ. માએ કહ્યું, "તમે પણ નીચે આવ્યાં હતાં તો ઉપર બેસો, વાંધો નથી. એમ કહી પૂ. મા તો ગીતાબેન શાહ જોડે વાતો કરવા લાગ્યાં. અમે તો તે બધુ ચૂપચાપ સાંભળતાં હતાં."

ત્યાં જ પૂ. માની સૂચનાથી સ્મૃતિબેને બે ગ્લાસ લાવી પૂ. માને આપ્યા. પૂ. માએ એમાંથી એક ગ્લાસ ગીતાબેન શાહને આપતા કહ્યું, "લો ગઇકાલનો પાણી વિનાનો આપનો ઉપવાસ. આ લીંબુના શરબતથી પૂરો કરો." ગીતાબેન ખુશ થઇ ગયાં ને તેમણે પૂ. માનો પ્રસાદ સ્વીકાર્યો.

બીજો ગ્લાસ પૂ. માએ મને ધરતાં કહ્યું, "લો, હવે ખબર પડી, તમને શા માટે બેસાડેલાં તે?"

અને મેં પણ તે ગ્લાસ પ્રસાદરૂપે સ્વીકારતાં મનમાં કહ્યું, "હે મા, આતો મારી રોજ રોજ થતી પ્રાર્થનાનો જવાબ છે. હા, મારી માએ મારી તે પ્રાર્થના સાંભળી છે, તેની ખાત્રી કરાવવા જ તેં મને અહીં બોલાવી બેસાડી છે. આભાર મા, તારો ખૂબ ખૂબ આભાર."

લીંબુના શરબતનો એ પ્યાલો જાણે મારા માટે પ્રેમનો પ્યાલો બની ગયો. મારામાં જાણે પૂ. માએ પ્રભુના પવિત્ર પ્રેમના પરમાણુ આ પ્યાલા મારફત મોકલ્યાં. એ પ્રેમના પરમાણુઓને હું જીવનભર સાચવી શકું એવી હે મા તું કૃપા કરજે!

# કોણે જગાડયો?

શ્રી જયંતિ પટેલ (ટોરેન્ટો)

સત્કર્મોના ફલ સ્વરૂપે કે પૂર્વના કોઇ સારા સંસ્કારના બળે પૂ. મા પ્રથમવાર જ એમના સત્સંગનો લાભ મળ્યો. એમનાં સ્વરચિત ભજનો પણ સાંભળ્યાં.

બે દિવસના એ સત્સંગમાં એમના લાંબા ઉપવાસોની વાતો નીકળતાં શંકા થતી. તેથી પ્રશ્ન પૂછવાની તક ઝડપી લીધી. તો પૂ. માએ તરત જ ખૂબ નિખાલસ ભાવે જણાવ્યું, "તમને સમય હોય તો અમારી સાથે જ અમારા ઓરડામાં રહી જુઓ. અમારું જીવન તો ખુલ્લી કિતાબ જેવું છે. જેને જોવું હોય તે જોઇ શકે છે. જોકે અમારા ઉપવાસ કોઈ જાહેરાત, વિશ્વવિક્રમ કે કોઇ ભૌતિક વસ્તુ માટેના નથી. ફક્ત પ્રભુ માટે છે, તેજ ઉપવાસ કરવાની શક્તિ પણ આપે છે."

પ્રથમ મુલાકાતમાં જ એમની નિખાલસતા મને સ્પર્શી ગઇ. તેમનાં ભજનોમાં કોઇ પણ જાતની ભૌતિક ઇચ્છાને બદલે પ્રભુને જ પામવાની તમન્ના જોવા મળી. વળી એમની વાણીમાં સતત ગુરુભક્તિ જ ટપકતી હતી. એમના હૃદયમાં પવિત્ર પ્રેમ ને મમતા ધબકતાં જોયાં. જીવન પણ સાદગીભર્યું જણાયું. સૌને સરખો પ્રેમ વહેંચનારી પ્રેમાળ જનેતાનાં મને એમનામાં દર્શન થયાં.

ત્યારપછી તો પૂ. મા કેનેડા પણ પધાર્યાં, સત્સંગથી વધુ



પરિચય પામ્યા. પરિણામે સમજાઇ ગયું કે યુગે યુગે ભારતમાં જે પ્રભુના કાર્ય કરવા શક્તિ જન્મે છે તે આજ સ્વરૂપે હોવી જોઇએ, કારણ આ વ્યક્તિમાં ધન, વૈભવવિલાસ કે કોઇ લૌકિક કામના નથી. ગંગા જેવી પવિત્રતા છે, વળી એનો પ્રત્યેક શ્વાસ પ્રભુ ભક્તિથી ભર્યો છે. એમનામાં માનવમનના અંધકારને દૂર કરવાની તાકાત પણ છે.

પૂ. માના સંસર્ગથી જાણ્યે અજાણ્યે મારા જીવનમાં પવિત્ર અને શુભ વિચારો ઉઠવા લાગ્યા. પ્રથમ સત્સંગે મને ઢંઢોળ્યો સાંસારિક ઘોરનિંદ્રામાંથી હું ઝબકીને જાગ્યો. કોણે જગાડયો?

એ સત્સંગ મારે માટે ઐતિહાસિક ઠર્યો. ધીરે ધીરે પૂ. માએ મારા જીવનમાં મમતાળુ માતા તરીકે વત્સલ પિતા તરીકે અને આદર્શ મિત્ર તરીકેનું સ્થાન પ્રાપ્ત કરી લીધું. વળી મને સદ્‌બુદ્ધિથી સંપન્ન કરીને મહા સરસ્વતીરૂપે પણ મારા જીવનમાં બેસી ગયાં.

સાથે સાથે મારી જીવનની અશુદ્ધિઓનો પ્રાણપ્રશ્ન પણ પૂ. માએ ઉકેલવા માંડ્યો. વરસોથી જે ધર્મપત્નીથી ના થઇ શક્યું, મિત્રોથી ના બન્યું, તે કાર્ય પૂ. માએ શક્તિસ્વરૂપ ધારીને કરવા માંડ્યું.

માંસ, મદિરામાં મસ્ત રહેતા આ જીવને પૂ. માએ સ્વયં ભાગિરથી બનીને ધોઇ નાંખ્યો. માંસ અને મદિરા જેવા દૂષણોથી મુક્ત કરી એક વર્ષથી આ જીવ ઉપર કૃપા કરી પોતાના વાત્સલ્ય અંકે લઇ પરમ કલ્યાણના પંથે મૂકી દીધો.

હવે સ્વચ્છ બનેલા આ જીવને પૂ. માના સત્સંગમાં વારંવાર બેસવાની રૂચિ થવા લાગી ને તક પણ મળી. પરિણામે સાંસારિક પ્રલોભનોથી બચવાની શક્તિ આવી. ખૂશામત કરનારા મિત્રોથી સાવધ રહેવાની જાગૃતિ મળી. મુશ્કેલીઓ વચ્ચે હસતા રહેવાની કળા પણ પૂ. માએ જ શીખવી. પૂ. માના દૈવી પ્રભાવથી જીવનની બધી જ અશુદ્ધિઓનો અંત આવી ગયો. જીવન શુદ્ધ થતું ગયું. જીવનની જાણે કે દિશા જ બદલાઇ ગઇ. દીવાદાંડી બનીને પૂ. મા આ નવા જીવનને સાવચેત કરવા લાગ્યાં.

ભરદરિયે ડૂબતી મારી જીવનનાવને નાવિક બનીને કિનારા સુધી ઘસડી લાવવાનું કઠીન કાર્ય પૂ. માએ જ કરી બતાવ્યું ને તેજ ધન્યપળથી તેઓ મારાં તારણહાર બન્યાં.

પૂ. શ્રી યોગેશ્વરજી જેવા મહાન આત્મદર્શી પુરુષની મહાનતાને પ્રત્યક્ષ પ્રભુ સ્વરૂપે પિછાનવાની નવી દૃષ્ટિ પણ પૂ. માએ જ આપી. ત્યારથી પૂ. શ્રી યોગેશ્વરજી મારા પ્રભુ બન્યા. અને પૂ. મા સર્વેશ્વરી મારાં સદ્‌ગુરુ બન્યાં.

પૂ. મા સર્વેશ્વરી તથા પૂ. શ્રી યોગેશ્વર પ્રભુના દિવ્ય સાંન્નિધ્યે આ જીવની કાયાપલટ થઇ. તેથી તે બન્નેના સ્વરૂપોને મારા ઘરમાં ૧૯૮૮ ની ધનતેરસે પધરાવ્યાં. તે પવિત્ર પૂજનીય સ્વરૂપ સામે બેસી નિયમિત પૂજા ને પ્રાર્થનાના નિયમો ચાલુ થયા. અમારા નિયમિત પ્રાર્થનાના ક્રમથી અમારા બન્ને બાળકો પણ રંગાયાં. ને આજે તો એ સ્વરૂપોની છત્રછાયામાં શાંતિનો અનુભવ અમો સહુ માટે સહજ બની ગયો છે.



પૂ. મા જેવાં સાચાં તપસ્વી સંત-સાધ્વીના પાવન સ્પર્શે અમારાં તન મન અંતર ધોવાઈ ગયાં. એમની સરળતા, નિખાલસતા, એમનું ખડખડાટ હસાવતું નિર્દોષ હાસ્ય, ને ખુલ્લી કિતાબ જેવું પવિત્ર જીવન સૌને નિત નવી પ્રેરણા પાયા કરે છે. અને વિશેષ તો એમના પ્રભુકૃપા માટે જ થતા લાંબા ઉપવાસો અમારા જેવા અનેકને સુધારવાની ચાવી સમા છે. સદ્‌ગુરુ ભગવાનના સ્વરૂપને સાથે લઇને ઉઘાડા પગે એમનું દેશવિદેશમાં થતું વિચરણ સૌને માટે ગુરુભક્તિથી પ્રકાશિત પગદંડી સમું છે. વળી એમની જીવન જ્યોત મારા જેવા અનેકોને પ્રકાશ ધરનારી ઠરી છે.

સાચે જ હે મા, તારા વિવિધ સ્વરૂપોને વંદના કરતાં શ્રી યોગેશ્વર પ્રભુને પ્રાર્થના કરું છું કે-

"મા સર્વેશ્વરીને જુગ જુગ જીવાડજો. વારંવાર વિદેશમાં વિચરણ કરાવજો ને અનેકને શક્તિ આપજો.

અમને પણ સત્કર્મ કરવાની શક્તિ આપજો. પૂ. માની યશગાથા અમારી પાસે ગવડાવજો ને જન્મોજન્મ દિવ્ય સાંન્નિધ્યે અમને જાગતા રાખજો."

### * સુવાક્ય *

બ્રહ્મનો બોધ કોને કરવો? જેને ભોગોની ઇચ્છા ટળી ગઇ હોય, મનોરથો સર્વે શાન્ત થઇ ગયા હોય, અને જેની બુદ્ધિ વ્યુત્પન્ન થઇ હો, વાસનારહિત થઇ હોય.

# યાત્રા ફળી

શ્રી પ્રભુદાસ પ્રજાપતિ

કેનેડાથી અમે મિત્રો સાથે અમેરિકામાં આવેલા ન્યુ વૃંદાવનના મંદિરે જવાનું નક્કી કર્યું. લાંબી મુસાફરી પછી ભગવાન કૃષ્ણના એ સ્થાનમાં પહોંચી ગયા. મંદિરમાં જઈ પ્રભુનાં દર્શન પણ કર્યાં.

દર્શન કરી બહાર નીકળ્યા ત્યાંજ કેનેડાના બીજા પણ એક બે પરિચિત ભાઈઓ મળ્યા. તેમણે કહ્યું "આજે અહીં મા સર્વેશ્વરી પણ આવ્યાં છે. તમારે દર્શનની ઇચ્છા હોય તો સાંજે ૫ વાગ્યે મળશે." અમને એમ થયું, "યાત્રામાં આવ્યા છીએ ને મંદિરના પવિત્ર સ્થાનમાં સંતનાં દર્શન થાય તો તો ઘણું સારું. અમે અમારો કાર્યક્રમ બદલ્યો ને સાંજે સત્સંગનો લાભ લેવાનું નક્કી કર્યું."

સંજોગોવસાત્ પાંચ વાગ્યા તો પણ પૂ. મા સર્વેશ્વરીનાં દર્શન ના થયાં. પાંચના સાત વાગ્યા તો પણ સત્સંગ થશે એવાં કોઈ ચિહ્નો ના જણાયાં. નવ વાગી ગયા. હવે તો નિરાશા ઘેરી વળી. ત્યાંજ પૂ. મા સાથે આવેલા આખી બસના યાત્રીઓએ વિચાર્યું કે "ચાલો, પૂ. મા જ્યાં છે ત્યાંજ જઈએ." અમે બધાની સાથે ત્યાં પહોંચ્યા. દ્વાર તો બંધ હતાં. ધીરજ ઘટી, પણ ઉત્સુકતા દર્શનની વધવા લાગી. છેવટે શ્રી સુતરીયાભાઈએ એક પ્રાર્થના ગાવા માંડી. "મા અમને દર્શન આપો, દ્વાર ઉઘાડો." સૌ તે પ્રાર્થના મોટે મોટેથી ગાવા માંડી. સૌને દર્શનની સાચી ઇચ્છા હતી તેથી પૂ. માના દ્વારે પોકાર



પાડવા લાગ્યા.

પરંતુ પૂ. માનું સ્વાસ્થ્ય લાંબી મુસાફરીને લીધે તે દિવસે બિલકુલ સારું નહતું. સામાન્ય સંસારની મા પણ બાળકના પોકાર સાંભળે તો આતો પ્રભુપંથે લઇ જનારી મા હતી. તેથી જ અસ્વસ્થતા વચ્ચે પણ એણે પોકાર સાંભળ્યો.

છેવટે અચાનક દ્વાર ઉઘડ્યું. એક શ્વેત વસ્ત્રધારી, સુકલકડી શરીરવાળું, જીવંત સ્વરૂપ ઉઘાડે પગે બહાર પધાર્યું. હાથ ઉંચો કર્યો, સૌએ અચાનક થયેલા આ કૃપા દર્શનને જય જયકાર કરી, આનંદથી વધાવી લીધું. અમે પણ માની લીધું કે આજ પૂ. મા સર્વેશ્વરી હશે, કારણ અમારું એ પ્રથમ દર્શન હતું.

શ્રી સુતરીયાભાઈના દોહા ગાતા ગાતા અમે પૂ. માના ઓરડામાં પ્રવેશ્યા. તે હોલ જેવું સ્થાન હતું. જેથી પૂ. મા ત્યાં તૈયાર કરેલી બેઠક ઉપર આવીને બેસી ગયાં.

સત્સંગની શરૂઆતમાં પૂ. માએ ધૂન ગવડાવીને અચાનક શ્રી નારાયણભાઈ જાનીને વાર્તાલાપ આપવાનું કહ્યું. શ્રી નારાયણભાઈએ નાનકડો વાર્તાલાપ આપ્યો. પછી પૂ. માએ સત્સંગ કરાવ્યો. વળી વચ્ચે વચ્ચે એક બે ભજનો પણ ગવડાવ્યાં, આજે પૂ. મા સૌને મળતાં થાક ભૂલી ગયાં. ભજનો ને ધૂનની રમઝટ ચાલી. કારણ અમારા મિત્ર શ્રી અંબુભાઈ તથા શ્રી ઉમેશભાઈ તબલાં મંજીરાથી તાલ આપતા હતા.

સત્સંગ પછી પૂ. માએ સહજરીતે કહ્યું, "તબલાં ને મંજીરાના તાલથી સંકીર્તનમાં ઘણો આનંદ આવ્યો. અમે કેનેડા આવીએ ત્યારે તમને પણ અનુકૂળતા હોય તો મળજો."

પ્રથમવાર જ મંદિરના આ પવિત્ર સ્થાને પૂ. માનું દર્શન થયું. અમૃતવાણીનો લાભ મળ્યો. અને વળી એમાં પરોક્ષરીતે જાણે આમંત્રણ પણ મળી ગયું. તેથી અમોને ખૂબ ખૂબ આનંદ થયો.

બીજે દિવસે ફરી કેનેડા આવી જવાનું બન્યું. જીવનમાં યાત્રા કરવાથી શું લાભ થતો હશે એવા પ્રશ્નનો જાણે પ્રભુએ અમને જવાબ આપી દીધો.

પૂ. માનું દર્શન થયું. સત્સંગનો પ્રથમવાર લાભ થયો. જાણે યાત્રાએ અમને પ્રભુપંથે લઇ જનારી એક સાચી માતાની પવિત્ર ભેટ ધરી. અમારી યાત્રા ફળી.

પૂ. માના સત્સંગમાં આવનાર દરેકને એક પ્રકારની તનની અને મનની શાંતિ મળતી હોય છે તેથી ફરી તે કાયમ માટે સત્સંગમાં આવવા તૈયાર થઇ જતા હોય છે. અમારી પણ એજ દશા હતી.

પૂ. માની અમૃતવાણી અમને પૂ. માના કેનેડાના સત્સંગમાં પણ ઘસડી ગઇ. અને એ વાણી અમારા તન, મન અને અંતરને જગાડી ગઇ. આજે તો પૂ. માના ભક્તિરસે જાણે અમે તો સ્નાન કરી કૃતકૃત્ય બની ગયા.

ન્યુ વૃંદાવનની યાત્રામાં મળેલી પૂ. માના દર્શનની એ ભેટ, જીવનમાં પ્રેરક દીવાદાંડી સમી બને અને અમે જીવનભર એને સાચવી શકીએ એવી પ્રભુને પ્રાર્થના છે.

અમને લાગ્યું કે એ યાત્રા પૂ. મા જેવાં પવિત્ર તપસ્વી સંતનાં દર્શન માટે જ અમારા જીવનમાં ગોઠવાઇ હતી.



# પનામાવાસીઓનો પ્રતિભાવ

લેખક : **સહયાત્રી**

[પનામા ઉત્તર અમેરિકાના દક્ષિણના છેડે આવેલું છે. ત્યાં પણ ઘણા ભારતીઓ વસે છે. પરંતુ અમેરિકા જતા બધા ભારતીય સંતો પનામા જતા નથી. ત્યાં જનારાં પૂ. મા પહેલાં ભારતીય સંત છે. એટલે ત્યાંના ભારતીયોને જે આનંદ થાય, એનો પ્રતિભાવ જુદા જુદા લોકોએ રૂબરૂમાં કે પત્રો લખીને આપ્યો તે અહીં એક સહયાત્રીએ વર્ણવ્યો છે. –તંત્રી]

"મંદિરની એક પણ પાઇ લીધા વિના મંદિરને દાન આપનારા આ સંત પહેલી જ વાર જોયાં."

–ટ્રસ્ટીમંડળ, પનામા મંદિર.

(૧) અનન્ય શરણ આપનાર એવા શ્રી સદ્‌ગુરુ દેવને ત્રિકાળ નમસ્કાર.

પૂ. મા,

પનામાનું આપના રોકાણથી મારા ઘરનું વાતાવરણ જે અધર્મ તરફ જઇ રહ્યું હતું તે આપના આગમનથી ધર્મ તરફ વળી રહ્યું છે. હું પોતે મદ્યપાન ને માંસાહારી ખોરાક લેતો હતો. તેનો હું ત્યાગ કરું છું. મારા વડીલો જૈન ધર્મી છે. બીજું ભગવાનને પ્રાર્થના કરું કે મારું મૃત્યુ થાય તો હિન્દુસ્તાનની પવિત્ર ભૂમિમાં જ થાય.

(૨) પૂ. મા,

"તમે પનામા આવ્યાં, અમને દર્શન, સત્સંગનો લાભ મળ્યો. ખૂબ આનંદ થયો. તમારી પ્રાર્થના અમને ખૂબ ગમી

છે. રોજ અમે તે ગાઈશું. સતત તો તમારાં દર્શન ના થાય, પણ ફરી ફરી જલદી જલદી પનામા પધારજો."

(૩) અમને ડૉક્ટરોએ કહ્યું કે તમે માંસાહાર કરશો તો જ તમારું શરીર સારું રહેશે, તેથી અમે માંસાહાર લેતા હતા. પણ હવે તમને સાંભળ્યા પછી તે છોડી દેવાનો નિશ્ચય કરું છું. હે મા, આશીર્વાદ આપજો.

(૪) ઘરમાં તો નહીં પણ બહાર માંસાહારની વાનગીઓ ખાઉં છું. પણ હવે તમારા દર્શનથી તેને છોડવા પ્રયત્ન કરીશ.

(૫) "મારા નાનાભાઈએ તો એ બધુ ક્યારનુંય છોડ્યું છે, પણ હવે હું પણ છોડી દઉં છું."

(૬) મારો પુત્ર મને બે દિવસથી કહે છે, તું મા સર્વેશ્વરીને કહી દે "હવે હું મીટ નહીં ખાઉં. તો મા એને આશીર્વાદ આપો."

(૭) સર્વેમાં ઈશ્વરનાં દર્શન કરનારા પરમેશ્વરી જેવાં સર્વેશ્વરી મા તથા કેનેડા ને અમેરિકાથી પધારેલા મહેમાનો, માતાઓ, વડીલ ભાઈઓ તથા બહેનો.

આજે મંદિરની પ્રાણપ્રતિષ્ઠા બાદ પહેલી વખતે આપણા ઘર બેઠા પનામાની ધરતીને પાવનકારી બનાવવા માટે પધારેલાં સર્વેશ્વરી માની આપણે જેટલી જયગાથા ગાઈએ તેટલી ઓછી છે, કારણ કે સ્વર્ગમાંથી ઉતરેલી ગંગામાતાનાં દર્શન તો આપણે કરીશું ત્યારે કરીશું, પરંતુ આપણને સર્વેશ્વરી માનાં પ્રત્યક્ષ દર્શન કરવાનો લાભ મળ્યો અને એમની ભક્તિ તથા સત્સંગથી આપણા જીવનમાં રહેલી ત્રૂટિઓને સુધારવાનું અહોભાગ્ય મળ્યું તે નફામાં.



પૂ. માએ આપણને કોલોનના મંદિરમાં એલાર્મ ઘડિયાળની વાત કરી હતી. પરંતુ માને મારે કહેવું પડશે કે મા! અમો રહ્યાં સંસારી માણસો. અમો જાગ્યા છીએ પરંતુ ફરીથી ઊંઘી ના જઈએ તે પહેલાં એલાર્મ વગાડવા માટે પનામા નિવાસી અમો તમોને ફરીથી અત્રે પધારવાનું ભાવભીનું આમંત્રણ આપીએ છીએ. તે આમંત્રણ આપ સ્વીકારો એવી બધા વતી આપને હું નમ્ર અરજ કરું છું.

આજે પરદેશમાં વસતા ભારતીયજનો હિન્દુધર્મમાં શ્રદ્ધા રાખતા થાય, પરદેશમાં પણ હિન્દુધર્મનો પ્રચાર થાય, એ માટે સંત લોકો વારંવાર પધારે અને અમારું આંગણુ પાવન કરે, તો હિન્દુધર્મની પરદેશમાં પણ રક્ષા થાય. એ માટે હે મા! અમો તમારી પાસે આશીર્વાદ માંગીએ છીએ.

સંતનાં દર્શન કરાવે તે માણસ આપણા માટે સંતથી પણ મહાન છે, એવું એક લેખકે કહ્યું છે. તો આપણને શ્રી વસંતભાઈએ પૂ. માનાં દર્શન કરાવ્યાં. મહાભારતમાં આપણે બધાંએ વાંચ્યું છે કે સુધન્વાએ તેની પ્રજાને કૃષ્ણ ભગવાનનાં દર્શન કરાવ્યાં હતાં. તેજ પ્રમાણે શ્રી વસંતભાઈએ આપણને પૂ. માનાં દર્શન કરાવ્યાં અને સત્સંગનો લાભ અપાવ્યો તે બદલ બધા વતી શ્રી વસંતભાઈ ને શ્રી ગુલાબબેનનો પણ હું આભાર માનું છું.

ફરીથી પૂ. માને નમ્ર વિનંતિ કે આપ જ્યારે પણ અમેરિકા કે કેનેડા પધારો ત્યારે પનામાના ભક્તોને દર્શનનો લાભ આપવા કૃપા કરશો.

બસ એજ

જય સર્વેશ્વરી મા!

# સાચા સંતનો સંસ્પર્શ

ગુલાબબેન ભક્ત (પનામા)

પનામા જેવા દેશમાં વરસો સુધી રહ્યા પછી અમારાં નાનાંબેન ઈલાબેનનો ૧૯૭૯ માં પત્ર આવ્યો કે હિમાલયમાં ઘણું જ તપ કરી પ્રભુરૂપ બનેલા એક મહાત્મા કપૂરા આવે છે, તેમની સાથે આપણા જ પરિવારનાં ને કપૂરાગામનાં જ મા સર્વેશ્વરી પણ છે. તેમને આપણે ઓળખીયે ને લાભ લઈએ.

પત્ર વાંચતાં અમને એમ થયું કે અમારું ભાગ્ય હવે ઉઘડ્યું. અમે મહાત્માજીની તસ્વીર મંગાવી, ને તસ્વીરનાં દર્શન કર્યાં. વળી કેટલાક દિવસો પછી અધ્યાત્મના જૂના અંકો શ્રી ઈલાબેને મોકલ્યા. ૧૯૮૦ માં અમે તે વાંચીને વિશેષ પરિચિત થયાં. અધ્યાત્મ વાંચીને અમને મંત્ર લેવાનું મન થયું. તેથી ઈલાબેન પાસે મંત્ર મંગાવ્યો તો તેમણે જણાવ્યું કે તમે મહાત્માજી પાસે જ મંત્ર લો. એમનું સરનામું પણ મોકલું છું.

તે દરમ્યાન અંધ્યાત્મમાં ઝાંબીયાના શ્રી બચુભાઈને પૂ. શ્રી મામાં ભગવાન દત્તાત્રેયનું દર્શન થયું હતું તે પ્રસંગ અમને ખૂબ સ્પર્શી ગયો. અમે તે પછી મહાત્માજીને મંત્ર આપવા માટે પત્ર લખ્યો. બે મહિના રાહ જોઈ. પછી વિચારવા લાગ્યાં કે મહાત્માજી તો મોટા ભગવાન જેવા સંત તે વળી આપણને પત્ર લખે ને મંત્ર આપે એ તો બધુ અશક્ય



છે. તો હવે જ્યાં સુધી મંત્ર ન મળે ત્યાં સુધી ફળ-દૂધ ઉપર જ ઉપવાસ કરું. અને એ નિર્ણય લીધો ને બે જ દિવસ બાદ અમને એ ધન્ય દિવસે પૂ. માનો પત્ર મળ્યો. તેમાં મંત્ર પણ હતો. પૂનમના એ પવિત્ર દિવસે અમારું ભાગ્ય મહાત્મા શ્રી યોગેશ્વરજીએ આપેલા મંત્રથી ઉઘડવાની તૈયારી કરતું હતું.

૧૯૮૧ ના જૂનમાં અમારા માતાપિતા અમારી પાસે પનામા આવ્યાં. તેમના દિવ્ય અનુભવોને મહાત્માશ્રી યોગેશ્વરજી તથા પૂ. મા સર્વેશ્વરીની વાતો એમની પાસેથી સાંભળવા મળી. તે જ દિવસોમાં પૂ. મહાત્માજી અમેરિકા પધાર્યા હતા. તેમની સાથે ફોન ઉપર પ્રથમવાર વાત કરવાનું સદ્‌ભાગ્ય મળ્યું. મહાત્માજીએ અમારા પતિદેવને પણ ફોન ઉપર આશીર્વાદ આપ્યા. એ મુજબ એમની માંદગીમાં એમના ઉપર મહાત્માજીએ પ્રભુરૂપ ધરીને કૃપા ઉતારી.

વળી બીજીવાર શ્રી યોગેશ્વરપ્રભુ સાથે ન્યુજર્સી ફોન ઉપર વાતો થઈ. પ્રત્યક્ષ મળ્યાનાં જેવો આનંદ થયો ને અમે પનામા પધારવાનું પ્રભુને આમંત્રણ આપ્યું. પ્રભુએ કહ્યું, "આવીશું" પરંતુ ત્યાંથી તેઓ ભારત જવા વિદાય થઈ ગયા.

એ દરમ્યાન અમે નિયમ લીધો કે જ્યાં સુધી મહાત્મા શ્રી યોગેશ્વર પ્રભુનાં ભારત જઈને દર્શન ના કરીએ ત્યાં સુધી એક ટંક જ ભોજન કરવું.

૧૯૮૩ ના માર્ચમાં અમારે અચાનક ભારત જવાનું થયું. અમદાવાદ દર્શન માટે જવા વિચારતાં જ હતાં ત્યાં તો પ્રભુએ સામે ચાલીને કૃપા કરી અમને કપૂરામાં જ દર્શન આપ્યાં. પૂ. માનાં માતાજી શ્રી ભીખીબાના સ્વર્ગવાસ નિમિત્તે પૂ. શ્રી

દક્ષિણ આફ્રિકાથી સીધા જ મુંબઇ થઇ કપૂરા પધાર્યા. પૂ. શ્રીનાં પ્રથમવાર પ્રવચનો સાંભળી ધન્યતા અનુભવાઇ.

અમને કપૂરામાં ખાસ મળવાનો સમય પણ આપ્યો. અમારા યુવાન પુત્રના આકસ્મિક મૃત્યુ માટે આશ્વાસન આપતાં પ્રભુએ કહ્યું, "બાવીસ વરસ પહેલાં એ તમારો પુત્ર હતો?" બસ, આ એક જ વાક્યથી અમને ખૂબ ખૂબ શાંતિ થઇ ગઇ. અમે પ્રભુને પનામા પધારવાનું ફરીથી આમંત્રણ આપ્યું.

અમે ફરી પનામા આવી ગયાં. એક વર્ષ પછી પ્રભુએ તો પૃથ્વીલોકથી વિદાય લીધી. અમને સ્વપ્ને પણ ખ્યાલ ન હતો કે પ્રભુ અમને કપૂરામાં મળ્યા તે અમારી અંતિમ મુલાકાત હતી. ફક્ત થોડા વરસો માટે એકાદ બે પત્રો દ્વારા, અધ્યાત્મના અંકો દ્વારા ને એક જ વારની પ્રત્યક્ષ મુલાકાત દ્વારા પ્રભુએ અમારા જીવનમાં જે પ્રકાશ, જે પ્રેરણા ને જે જીવન પરિવર્તન કર્યું છે તે શી રીતે ભૂલાય?

મહાપુરુષો દૂર રહીને પણ કૃપા વરસાવ્યા કરે છે એ અનુભવવા મળ્યું.

સાચા સંતપુરુષો પોતાનો પવિત્ર સંસ્પર્શ પરદેશની ધરતી સુધી ધરીને અનેક જીવનું કલ્યાણ કરતા હોય છે. પૂ. શ્રી યોગેશ્વરજી જેવા સાચા મહાન સંતના પરિચયે એ અનુભવવા મળ્યું, એ અમારું સદ્ભાગ્ય છે.



# પૂ. માના મંગલ અંકે

શ્રી ગુલાબબેન ભક્ત (મેમફીસ)

વિદેશની ધરતી ઉપર શ્રી વિનોદભાઇનું ઘર જુઓ તો જાણે કે મંદિર. જ્યાં જુઓ ત્યાં ચારે બાજુ પૂ. શ્રી યોગેશ્વરજી ને પૂ. મા સર્વેશ્વરીનાં જ વિવિધ સ્વરૂપોનું દર્શન થાય. સાચે જ એ સ્થાન સૌને પ્રેરણા પ્રદાન કરે છે એવું અદ્ભુત પવિત્ર સ્થળ લાગે.

એ પવિત્ર સ્થાનમાંથી અમને આમંત્રણ મળ્યું કે તા. ૨૨-૧૦-૮૯ ના રોજ અમારા ઘરમાં નવા મંદિરમાં પ્રભુની પ્રતિષ્ઠા કરવાની છે, તો જરૂરથી આવો. બહારગામથી પણ ઘણા બધા આવવાના છે, જો જો અવસર ના ચૂકતાં.

આમંત્રણ મળ્યા પછી અમને ઘરમાંથી પણ ત્યાં જવાની રજા મળી ગઇ અમે તા. ૨૧ મીની સાંજે તે પવિત્ર સ્થાનમાં પહોંચી ગયાં.

સામાન મૂકી ઉપર જ્યાં મંદિર થઇ રહ્યું હતું ત્યાં દર્શન કરવા ગયાં તો ત્યાં મંદિરનું નિર્માણકાર્ય શ્રી ડાહ્યાભાઇ સાથે સૌ ભાઇઓ કહી રહ્યા હતા. ત્યાં રાખેલ પ્રભુના સ્વરૂપને પ્રણામ કરી, નીચે ઉતરતાં હતાં ત્યાં જ સરોજબેને કહ્યું, "આ વખતે અમે માનો રૂમ પણ નવેસરથી ગોઠવ્યો છે. ચાલો રૂમનાં પણ દર્શન કરી લો."

અમે સરોજબેન સાથે એ બંધરૂમ પાસે ગયાં, રૂમના

દર્શન મફત નથી હોં, એવું હસતાં હસતાં સરોજબેને દ્વાર ખોલ્યાં.

ઓરડામાં અમે શું જોયું? કલ્પી ના શકાય તેવું પૂ. માનું જીવતું જાગતું હાથ જોડી હાસ્ય વેરતું પ્રત્યક્ષ સ્વરૂપ. હા સાચે જ, પૂ. માની તસ્વીર નહીં, પરંતુ પૂ. મા પોતે જ ત્યાં બિરાજેલાં હતાં.

"અરે! મા તમે? ક્યારે અહીં આવ્યાં? અમારા મુખમાંથી આશ્ચર્યના ઉદ્‌ગારો સરી પડ્યા."

પૂ. મા હાથથી અભિનય કરતાં હસવા લાગ્યાં. પછી કહે "જુઓ હજી પણ પાકી ખાત્રી કરી લો. હું સાચે જ જીવતી બેઠી છું. મા સર્વેશ્વરી જ છું. ઉઘાડી આંખે ભરમાશો નહીં."

અને પૂ. માની એ વિનોદભરી મધુર વાણી સાંભળતાં જ આશ્ચર્ય સાથે અમે અચાનક ઓરડામાં દોડી ગયાં. માનાં શ્રી ચરણોમાં ઢળી પડ્યાં. પૂ. માનો પ્રેમાળ વરદ હસ્ત તરત જ અમારા મસ્તક ઉપર ફરવા લાગ્યો. એ ભગવતી સ્વરૂપા મહા-તપસ્વીની, મંગલ વાત્સલ્યમૂર્તિ માનું આમ અચાનક અણધાર્યાં દર્શનનો આનંદ આ જડ લેખિનીથી શી રીતે વર્ણવી શકાય? એ તો જે અનુભવે, તેજ માણી શકે. એ વર્ણનનો વિષય ન બની શકે.

આનંદ, અતિ આનંદ થઇ રહ્યો. "અહીં આવ્યાં તે સારું થયું. સરોજબેનનું આમંત્રણ શું પૂ. માનાં આ દર્શન માટે હતું કે શું?" અમે વિચારવા લાગ્યાં. માળ પરથી નીચે પહોંચતાં જ, સરોજબેન ઉપર પ્રશ્નોની ઝડી વરસી "પૂ. મા ક્યારે આવ્યાં? કોની સાથે આવ્યાં? અમને કેમ ના જણાવ્યું?"



સરોજબેને હસતાં હસતાં કહ્યું "સહુને સરપ્રાઇઝ, ખરુંને?" મંદિરની પ્રતિષ્ઠાને નિમિત્ત બનાવી અમે પૂ. માના દર્શન માટે જ સૌને આમંત્ર્યાં છે.

સાંજે જાહેર સત્સંગમાં તો સૌ કોઇ પધાર્યા, સૌને પૂ. માનાં અચાનક પ્રત્યક્ષ દર્શન લાભ, સૌને આશ્ચર્ય, સૌના હૈયે અતિ આનંદ, શ્રી સુતરીયાનાં વૃદ્ધ માતા તો વારંવાર હર્ષ વ્યક્ત કરતાં. શ્રી સરોજબેનને કહેતાં હતાં, "દીકરી, તારે ત્યાં તો ગંગાયમુના પધાર્યા છે. અમે આટલાં નજીક રહીએ તો પણ અમને પણ ના જણાવ્યું? ને પેલા શારદાબેન તો ભારત જઇ પૂ. માનાં દર્શન કરવાની યોજના ઘડતાં હતાં તેમને તો ઘેર બેઠાં ગંગાજી મળી ગયાં!"

બીજે દિવસે સવારે શ્રી વિનોદભાઇની ત્રણ દીકરીઓ પાસે પ્રભુના સ્વરૂપની પૂજા થઇ તે દરમ્યાન સ્તવનમાળા, બાવની, માનસપૂજા, ભજનો, ધૂનો ને શ્રી સુતરીયાભાઇના અનોખી ભાત પાડતા દોહાઓની રમઝટ જામી. સૌએ ખૂબ ખૂબ આનંદ સાથે જય જયકાર કરતાં કરતાં સત્સંગ માણ્યો. છેવટે શ્રી વિનોદભાઇ ને શ્રી સરોજબેનના શુભહસ્તે મંદિરમાં પૂ. શ્રી ને પૂ. માનાં સ્વરૂપો પધરાવ્યાં.

પૂ. મા પોતાની બેઠક ઉપર પૂજા દરમ્યાન બિરાજેલાં જ હતાં. તેમણે છેવટે આજના પ્રસંગને લગતી એક નવી નાનકડી સરસ પ્રાર્થના સૌને ગવડાવી. તેનો ભાવાર્થ હતો, "આ મંદિર દ્વારે જે કોઇ નમશે, તેને પ્રભુ અંકે લઇ દુઃખ દર્દ દૂર કરશે." એવી આશીર્વાદભરી ભાવના હતી વળી કઠોપનિષદ્‌નો પૂ. શ્રી યોગેશ્વરજીનો કાવ્ય અનુવાદ ગવડાવી,

સાચું ને ઉત્તમદાન કોને કહેવાય તે ઉપર પ્રકાશ પાડ્યો. વળી આ મંદિરનું જાતે સર્જન કરનાર શ્રી ડાહ્યાભાઈને ધન્યવાદ આપતાં તેમને ભારતીય સંસ્કૃતિના રક્ષક તરીકે અંજલિ આપી. અંતે ધૂન ગવડાવી સત્સંગ પૂરો કર્યો.

સૌ સાધક ભાઈબેનો પૂ. માના હાથે પ્રસાદ પામી આનંદિત થયા. નીચે ખીચડીનો મહાપ્રસાદ સૌએ લીધો.

સત્સંગની બેઠક ઉપર પૂ. માનું દર્શન હંમેશની જેમ અનોખી ભાત પાડતું હતું. માનવદેહ ધારણ કર્યો એટલે થાક તો લાગે જ. શરીર આરામ પણ માગે જ. પણ પૂ. માનો અતિ શ્રમિત દેહ સત્સંગની બેઠક ઉપર આવતાં જ જાણે નવી શક્તિ, નવી સ્ફૂર્તિ ધારણ કરી લે છે, એ આશ્ચર્ય જેવું લાગે છે. પહેલાં જોયેલાં અતિશય કૃશ કાયાવાળાં, અતિશય શ્રમિત પૂ. મા જ્યારે બુલંદ મધુર અવાજે ભજન ગવડાવે કે એકધારી વાણીથી સત્સંગ કરાવે ત્યારે તો જાણે તેમનું મૂળ દિવ્ય સ્વરૂપ ને તેજોમય તપશ્ચર્યાયુક્ત પ્રતિભાશાળી વ્યક્તિત્વનાં દર્શન સહજ બની જાય છે.

એ પરમ તપસ્વીની માના વિવિધ વ્યક્તિત્વને સમજવા પણ દૃષ્ટિ જોઈએ, ભૂમિકા જોઈએ. શ્રી પરમાર્થીએ શ્રી સર્વેશ્વરી બાવની લખીને પૂ. માના વ્યક્તિત્વની વિવિધ પ્રતિભાઓને ઝીલવા સુંદર પ્રયત્ન કર્યો છે. બાકી આ કલમ કે આ વાણી પૂ. માના ગુણ ગાવાની પૂરી શક્તિ કે ક્ષમતા ક્યાં ધરાવે છે? અમે તો અનંતના કિનારે છીપલાં રમતા બાળકો જ છીએ.

બીજી પણ એક વિશેષતા પૂ. માના જીવનમાં જોવા મળે



છે. તેઓ હંમેશાં પૂ. શ્રી યોગેશ્વરજીનું સ્વરૂપ દેશ કે વિદેશમાં સાથે રાખે છે અને હંમેશાં પૂ. ગુરુદેવનું આસન પોતાના આસનથી ઉંચું જ રખાવે. પોતે તો જાણે હંમેશા ગુરુની ચરણરજ હોય એવો એક સરખો ભાવ અનુભવ્યાં કરે. કેવી નમ્રતા!

તા. ૨૩-૧૦-૮૯ પૂ. માના સંસ્કારદાતા પૂ. પિતાજીનો નિર્વાણદિન હતો. તે દિવસે પૂ. માએ વિશેષ કાર્યક્રમનું આયોજન કરી પૂ. પિતાજીના સુખદ સંસ્મરણો સાથે વંદના કરતી પ્રાર્થના કરાવી, ને પિતાજીની ક્ષમા માંગતું એક પદ ગવડાવ્યું. વળી વિશેષ કાર્યક્રમમાં પૂ. મા આજે ૧૦૮ દંડવત્ પ્રણામ કરે છે. બીજા બધા સાધક ભાઈબેનો પણ એ કાર્યક્રમમાં જોડાય છે. એમાં ધ્યાન ખેંચે એવી બાબત તો એ હતી કે પૂ. મા સૌથી વધુ કૃશકાય હોવા છતાં ખૂબ ઝડપથી, ખૂબ સ્ફૂર્તિથી, ખૂબ પ્રસન્નતાથી પ્રણામ કરતાં હતાં. બીજા સૌ સશક્ત શરીરધારી હોવા છતાં પૂ. માથી પાછળ પડી જતા.

પૂ. માના સાંન્નિધ્યે અખંડ સુખ ને અનંત શાંતિનો અનુભવ સહજ બન્યો. પાંચ દિવસ પૂ. મા સાથે રહેવાનું મળ્યું તો પૂ. માના તપોમય જીવનમાં પણ ડોકિયું કરવાનું સદ્ભાગ્ય સાંપડ્યું. સાથે પૂ. માનો નિર્દોષ હાસ્ય વેરતો સ્વભાવ, ગુરુ પ્રત્યેનો ભક્તિ ને પૂજ્યભાવ, સતત પ્રભુપરાયણતા વગેરે જીવન પાઠો પણ જોવા મળ્યાં.

પ્રભુની કૃપાથી પૂ. માનું દર્શન થયું. પૂ. માએ પૃથ્વી ઉપર પ્રગટવા અમારા પવિત્ર પરિવારને પસંદ કર્યું એ

અમારું સદ્ભાગ્ય લેખાય. એ પવિત્ર રત્નને પારખવા પ્રભુ હંમેશા અમારા નેત્રોને શક્તિશાળી કરજો અવતારી મહાપુરુષો પૃથ્વી ઉપર પોતાની શક્તિને પણ સાકાર રૂપે પ્રગટાવતા હોય છે ને ધારેલાં જનકલ્યાણનાં કાર્યોને અલૌકિક રીતે તે શક્તિદ્વારા પૂર્ણ કરાવતા હોય છે એવી પ્રતીતિ પૂ. માના દર્શનથી દૃઢ બની.

હે મા! અંતે આપનાં શ્રી ચરણે એક જ પ્રાર્થના છે.

હે સર્વેશ્વરી, હે કરૂણેશ્વરી!
સેવાળ ઓથે વિમલ વારિ,
ભેદ ભરમ મીટાવો જરી.
સાચા સ્વરૂપે પ્રગટો જરી,
હે જગજનની મા સર્વેશ્વરી.

## * સુવાક્ય *

વાસનારહિત જીવન તે જ મોક્ષરૂપ છે.

જે જ્ઞાનવડે વૈરાગ્ય થાય તે જ ખરૂં જ્ઞાન છે. બાકી જે વડે ધન, સ્ત્રી, પુત્ર આદિનો વધારો થતો રહે, તે તો જડતા જ વધી છે, એમ સમજવું.

—યોગવાસિષ્ઠ

## * સાધકને મનોબળ *

એક સાધકને કોઈએ પૂછ્યું, "તમારા જીવનમાં સઘળા સંજોગો અનુકૂળ છે?"

સાધકે જવાબ આપતાં કહ્યું, "ના. એ સર્વ પ્રકારે સાનુકૂળ થશે, એવી અપેક્ષા પણ હું નથી રાખતો."

"તો પછી તમારા આત્મવિકાસના માર્ગમાં શું એ અવરોધક નહિ બને?"

"ના. મારા મન સિવાય મારા માર્ગમાં કોઈ જ અવરોધક નથી બનવાનું. હું ક્રમશઃ આગળ વધતો રહીશ, અને છેવટે સફળતા પામીશ."

પ્રત્યેક સાધકમાં એવું મનોબળ ને આત્મવિશ્વાસ જોઈએ.

## * પ્રમાદનો પરિત્યાગ *

જીવનમાં જેને કંઈ પ્રાપ્ત કરવું છે, તેણે એ સમજી લેવું જોઈએ કે એકધારા અવિરત સાચી દિશાના પુરુષાર્થ વિના કશું મળતું નથી. તે માટે પ્રમાદનો પરિત્યાગ અને દૃઢ મનોબળ અત્યંત આવશ્યક છે. જે માણસ એ વસ્તુઓ માટે દૃઢસંકલ્પ હોય છે, તે તેના ધ્યેયની પરિપ્રાપ્તિમાં વહેલે કે મોડે સફળ થાય છેજ, એ નિર્વિવાદ છે.

—યોગેશ્વરજી

ADHYATMA Regd. No. GBV 113

## * ભગવદ્ભક્તનું મન *

કામીનું મન જેમ કામમાં ને લોભીનું મન નિશદિન દામમાં, તેમ ઈશ્વર પ્રણિધાનથી અલંકૃત ભગવદ્ભક્તનું મન નિરંતર ઈશ્વરમાં રમતું રહે છે. ઈશ્વરનું ચિંતન, મનન, નિદિધ્યાસન એને માટે સહજ બની જાય છે. એના હૃદયમાં ઈશ્વરનો જ રાગ હોય છે. એની સઘળી ઈન્દ્રિયો ઈશ્વર તરફ પ્રેમના પરમપવિત્ર પ્રવાહને લઈને વહેતી થાય છે. આંખથી એ ચરાચરમાં ઈશ્વરનુંજ દર્શન કરે છે. વાણી દ્વારા સંકીર્તન, મંત્રજપ તથા પ્રભુના ગુણાનુકથનનો લાભ લે છે; કાનદ્વારા કથાશ્રાવણ કરે છે. શરીરદ્વારા ઈશ્વરની સેવાપૂજામાં પ્રવૃત્ત થાય છે. શ્વાસેશ્વાસે ઈશ્વરસ્મરણ કરે છે અને ઈશ્વરની સંન્નિધિની સુવાસ માણે છે. સર્વ સ્થળે, સર્વ પ્રકારની પરિસ્થિતિમાં, સઘળી શક્તિ, સંપત્તિ, સામગ્રીસાથે ઈશ્વરના આત્મિક અનુસંધાનનો આનંદ અનુભવે છે. એ હિમાલયમાં હોય કે હોલીવુડમાં, માનસરોવરમાં હોય કે માણેકચોકમાં, વિજનમાં હોય કે વસ્તીમાં એનું મન અહર્નિશ ઈશ્વરાભિમુખ રહે છે. ઈશ્વર સાથે સંબંધ બાંધે છે. પરમાત્માની પરમચેતનાથી એક ક્ષણને માટે પણ એનું મન અલગ નથી થતું.

—યોગેશ્વરજી

**પ્રાપ્તિસ્થાનઃ** –પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧.
રાધેશ્યામ પ્રિ. પ્રેસ, હરિયાળા પ્લોટ, બોરડીગેટ, ભાવનગર–૧.